


[ પુસ્તક ૩ જું. ] કાર્તિક: વીર સંવત ૨૪૬૫. [ અંક ૧



તંત્રી :

લક્ષ્મીચંદ પ્રેમચંદ શાહ.

પ્રકાશક :

ભોગીલાલ સાંકળચંદ શેઠ.

વાર્ષિક લવાજમ.] [રૂપિયા, ત્રણ.

# વિષય-દર્શન.

## કાર્તિક-માગશર, વિ. સં. ૧૯૯૯.


| વિષય. | લેખક. | પૃષ્ઠ. |
|---|---|---|
| "સ્વાર્થી-સંસાર" | મુનિશ્રી રામવિજયજી. | ૧ |
| श्री आदिनाथ चरित्र पद्य. | जैनाचार्य श्री जयसिंहसूरिजी. | ૨ |
| શ્રીસુપાર્શ્વનાથ સ્તવનમ્ | સધાણી કાળીદાસ નેમચંદ. | ૩ |
| ॥ तपःकुलकम् ॥ | जैनाचार्य श्री विजयपद्मसूरिजी. | ૪ |
| "हिंसा के प्रति." | मुनिश्री भद्रानन्दविजयजी. | ૫ |
| શ્રી શ્રેયાંસ જીણંદ સ્તવનમ્ | મુનિશ્રી સુશીલવિજયજી. | ૬ |
| શ્રી સિદ્ધચક્રની તાત્ત્વિક ભાવના. | જૈનાચાર્ય શ્રી વિજયપદ્મસૂરિજી. | ૭ |
| "પ્રશ્નોત્તર કલ્પલતા" | જૈનાચાર્ય શ્રીવિજયપદ્મસૂરિજી. | ૯ |
| "ધર્મ-વિચાર." | ઉપાધ્યાય શ્રી સિદ્ધિમુનિજી. | ૧૧ |
| शास्त्र सम्मत मानव धर्म और मूर्तिपूजा. | मुनिश्री प्रमोदविजयजी म. (पन्नालालजी) | ૧૨ |
| "અધ્યાત્મ વિચાર મૌક્તિક." | મુનિશ્રી કલ્યાણવિમળજી. | ૧૪ |
| અર્હંત દર્શન અને ઇશ્વર. | મણીશંકર કાળીદાસ વૈદ્યશાસ્ત્રી. | ૧૬ |
| તિથિઓ બાર કે અગિયાર. | પન્યાસ શ્રી કલ્યાણવિજયજી મહારાજ. | ૧૭ |
| જૈન યુવક સંઘોની જરૂર. | મુનિશ્રી કર્પૂરવિજયજી મહારાજ. | ૧૯ |
| "સજોડે સ્વાર્પણ." | બાપુલાલ કાળીદાસ સધાણી. | ૨૦ |
| પ્રથમ કર્મગ્રંથ પદ્યાનુવાદ સહિત | મુનિશ્રી દક્ષવિજયજી. | ૨૨ |
| ચાતુર્માસ પરિવર્તન. | તંત્રી. | ૨૪ |
| ગણિપદ અને વ્રતપ્રદાન મહોત્સવ. | તંત્રી. | ૨૪ |
| વર્તમાન-સમાચાર. | તંત્રી. | ટાઈટલ ૩ પાનું |


### પંચાંગ.

વદિ ૪ બે.

વદિ ૧૩ ક્ષય.

| તિથિ | વાર | તારીખ |
|---|---|---|
| વ૧ | સોમ | ૨૩ |
| ૨ | મંગળ | ૨૪ |
| ૩ | બુધ | ૨૫ |
| ૪ | ગુરૂ | ૨૬ |
| ૪ | શુક્ર | ૨૭ |
| ૫ | શનિ | ૨૮ |
| ૬ | રવિ | ૨૯ |
| ૭ | સોમ | ૩૦ |
| ૮ | મંગળ | ×૧ |
| ૯ | બુધ | ૨ |
| ૧૦ | ગુરૂ | ૩ |
| ૧૧ | શુક્ર | ૪ |
| ૧૨ | શનિ | ૫ |
| ૧૪ | રવિ | ૬ |
| ૦)) | સોમ | ૭ |
| સુ૧ | મંગળ | ૮ |
| ૨ | બુધ | ૯ |
| ૩ | ગુરૂ | ૧૦ |
| ૪ | શુક્ર | ૧૧ |
| ૫ | શનિ | ૧૨ |
| ૬ | રવિ | ૧૩ |
| ૭ | સોમ | ૧૪ |
| ૮ | મંગળ | ૧૫ |
| ૯ | બુધ | ૧૬ |
| ૧૦ | ગુરૂ | ૧૭ |
| ૧૧ | શુક્ર | ૧૮ |
| ૧૨ | શનિ | ૧૯ |
| ૧૩ | રવિ | ૨૦ |
| ૧૪ | સોમ | ૨૧ |
| ૧૫ | મંગળ | ૨૨ |

× ડીસેમ્બર-૩૧

વદિ ૨ મંગળ, શ્રી રોહિણી દિન.
વદિ ૫ શનિ. શ્રીસુવિધિનાથ જન્મદિન.
વદિ ૬ રવિ, શ્રીસુવિધિનાથ દીક્ષાદિન.
વદિ ૧૦ ગુરૂ, શ્રીમહાવીરસ્વામી દીક્ષાદિન
વદિ ૧૧ શુક્ર, શ્રીપદ્મપ્રભુ મોક્ષ દિન.
સુદિ ૧૦ ગુરૂ, શ્રીઅરનાથ જન્મ અને મોક્ષ દિન.

સુદિ ૧૧ શુક્ર, શ્રી મલ્લિનાથ જન્મ, દીક્ષા અને કેવલ, શ્રીઅરનાથ દીક્ષા, શ્રી નમિનાથ કેવલ, મૌન એકાદશી અને ઉપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજ નિર્વાણ દીન.
સુદિ ૧૪ સોમ, શ્રી સંભવનાથ જન્મ અને શ્રી રોહિણી દિન.
સુદિ ૧૫ મંગળ, શ્રીસંભવનાથ દીક્ષાદિન

દ્વારાઃ-વિજયનીતિસૂરિ જૈન પુસ્તકાલય, ગાંધીરોડ, અમદાવાદ.

# જૈનધર્મ વિકાસ.

પુસ્તક ૩ જું. કારતક, સં. ૧૯૯૯. અંક ૧ લો.

## સ્વાર્થી—સંસાર.

રચયિતાઃ પૂ. આ. શ્રી વિજયનેમિસૂરિશ્વર પ્રશિષ્ય મુનિ શ્રી રામવિજયજી મ.

(ગતાંક પૃષ્ઠ ૩૭૩ થી અનુસંધાન)

પુત્ર વધુ બોલે મોઢેથી, સસરાજી મારે છે કાજ,
છૈયાના બાલોતીયા ધોવા, તળાવ પર જાવું છે આજ;
ટપટપ તમે કરો છો શાનાં, મનમાં નથી ગમતું લગાર,
એમ કહીને જલદી ચાલી, સસરાજી તે કરે ઉચ્ચાર. (૧૩)
સાંભળો પુત્ર વધુજી તુમે, મારા મુખથી એકજ વાત,
ગુપ્ત વાત કહેવા મન મારૂં, ઉલ્લસે છે તે સાતે ધાત;
ઘર આપણું નામાંક્તિ, સ્વજન પરિજને યશ ગવાય,
જુની પુંજી તિજોરીમાં, કેડે કુંચી ભરી રખાય. (૧૪)
સાચા મોતી માળા સારી, આપવા ઈચ્છે મારૂં મન,
કાળે આવી પકડયું મારૂં, દેખો વહુજી મારૂં વદન;
સાંભળી કંચન ગૌરી હરખી, સસરાજીના મધુર વચન,
આશા પુરે વહુજી તણાયા, હવે કોણ કરે જતન્ન. (૧૫)
સાંભળો સસરાજી હું તમને, પાય પડી કરૂં વિનતિ એક,
શીરો પાપડ તાજાં ખાજા, બનાવી આપુ ધરો ટેક;
કહો તો તાજી શેવો લાવું, કેશર ભરીયાં સક્કર દૂધ,
ધીરજ ધારો જલદી આવું, રાખું મનડે સારી શુદ્ધ. (૧૬)
બુદ્ધિ ધનની યુક્તિ કરતાં, પંદર દિવસો સુખે જાય,
બીજા વારે રૂપવતીના, વારાના દિન શરૂ થાય;
ટાઢી ખીચડી ઘી વિનાની, ખરે બપોરે દર્શન થાય,
ચંદનહારની લાલચ આપી, પંદર દિવસો સુખે પમાય. (૧૭)
ત્રીજે વારે મનોહરા નામે, પુત્રવધુ ત્રીજીના ઢંગ,
ત્રીસરા પંચસરા હારોની, લાલચ આપે માયા સંગ;
પંદર દિવસો સુખે જાતાં, સરસ્વતી વધુ ચોથી ચંગ,
હીરે જડીયા રત્ને જડીયા, કંકણ આશે બોલે વ્યંગ. (૧૮)

(અપૂર્ણ.)

## ॥ श्री आदिनाथ चरित्र पद्य ॥

( जैनाचार्य श्री जयसिंहसूरीजी तरफथी मळेलुं. )
( ગતાંક પૃષ્ઠ ૩૭૫ થી અનુસંધાન. )

यह सुनि हर्ष हुए महीपाला, तुरत चले तेहि बन विकराला ॥
आगे दरश पड़े मुनिराई, देवनसे चहुं ओर धिराई ।
मधुर वाक्य उचरे जिनवाणी, श्रवण देव करते तेहिवाणी ॥
मुनिहिं दर्श श्रद्धा उपजावा, वाणी श्रवण कर मन अस आवा ।
निस्परिग्रह निनर्म मुनिराई, निष्कषाय धन्य श्रुति गाई ॥
पर मैं हूं माया कर दासा, पितुहिं मार्ग कर रीत विनासा ।
पर अबतो वृत है सुखकारी, दिक्षा सब नासत अंधियारी ॥
नगर पहुंच राज्य कर डोरा, सौंप कुंवर दिक्षा लूं भोरा ।
इमि मन ठान नगर चलि आवा, इहां कुंवर एक जाल बनावा ॥
राज्य लोभ पाप कर घोरा, मंत्री मंडल वस कर डोरा ।
इत वज्रजंघ श्रीमती रानी, हुए नींदवस दिक्षा ठानी ॥
रेन जहर कर धुम्र बनावा, मात पिता मारण मन आवा ।
गया धूम्र दम्पति कर नासा, जहर प्रभाव अड़ि तिन सासा ॥

**छठ्ठा भव समाप्त.**

देह छोड़ कुरु क्षेत्रमें, युग्म रुप हो जाय ।
एक चिंतमें मरणकी, एकहिं गति कहाय ॥
ते आयू पूरी करी, पुनि त्यागी वह देह ।
सौधर्मी देवलोकमें, हुए दोऊ वह देव ॥
देव भोगको भोग कर, चव्य हुआ तिन जीव ।
आये जम्बूद्वीपमें, विदेह क्षेत्र कर सींव ॥

क्षिति प्रतिष्ठित नगर सुहावा, सुविधि वेद्य घर जन्में आवा ।
जीवानन्द भया तेहि नामा, चार कुमर जन्में तेहि गामा ॥
इशानचंद्र कनकावती रानी, तिन घर प्रथम कुंवर जन्मानी ।
नाम महीधर राजकुमारा, द्वितीय मंत्री सुबुद्धिकुमारा ॥
सागरदत्त घर तृतिय कुमारा, पूर्णभद्र नाम तिन प्यारा ।
धनशेठ घर चोथ कुमारा, शीलपुंज तिन नाम सुखवारा ॥

देह माहिं जिमि इन्द्रियाँ, बड़े एकहीं साथ।
तिमि बड़ते चारो कुमर, पढ़े एकहीं साथ॥
श्रीमति जीव भी चव्यकर, जन्म गया तेहि गाम।
इश्वरदत्तजी शेठ घर, केशव हे शुभ नाम॥
छहो मित्र सब साथ, सभी बड़े ज्ञानी भये।
मित्र विछोहन भात, जीवानन्द सबमें बड़ा॥
एक सम मित्र सब आवा, जिवानन्द भवन बिठलावा।
तेहि अवसर एक साधू आया, पृथ्वीपाल नृप पुत्र सुहाया॥
त्याग राज शुभ दिक्षा लीनी, मोक्षके फल देन प्रवीणी।
करत तपश्या देह सुखाई, जिमि ग्रिष्मऋतु नीर सुखाई॥
देह माहिं अल्प हे मासा, तप प्रभाव सब रक्त विनासा।
पूर्व कर्म कुष्ट हो जावा, तासे मुनिवर अति दुःख पावा॥
मुनिवर दवा न मागन चाहे, मोक्षेच्छुक देह नहीं भाहे।
देह माहिं रखते नहीं ध्याना, चाहत सदा जीव कल्याना॥
देख दशा मुनिराजकी, महिधर राजकुमार।
बोले जीवानन्दसे, करुणा हृदय विचार॥
रोग परिक्षक हो तुम भाई, किंतु दया तुमनें बिसराई।
जिमि गणिका धनहीन न चाहे, तिमि तुम्हे दीन दुःखी नहीं भाहे॥
पर विवेक धन लोभ न करई, धर्म चिकित्सा कहुं कहुं करहीं।
निपुण चिकित्सक हो तुम भाई, धर्म बिना धिक्कार कहाई॥

(अपूर्ण.)

## શ્રી સુપાર્શ્વનાથ આરતિ.

રચયિતાઃ-કાલીદાસ નેમચંદ સધાણી. (મોરવાડા)

જય જય આરતિ સુપાર્શ્વ જીણંદા, સુપાર્શ્વ જીણંદા,
તુમ દીઠે અતિ હો આનંદા. જય જય. (૧)
મુર્તિ મનોહર આપ બીરાજે, વંદન કરસું પ્રેમ ઉલ્લાસે. જય જય. (૨)
પ્રતિષ્ટીત રાજાના પુત્ર કહાવો, પૃથ્વી માતાના નંદન સુહાવા. જય જય (૩)
વાણુારસી નગરી જન્મ તુમારો, વર્ણ કંચન શોભાનો નહી પારે. જય જય. (૪)
મોરવાડા ગામે આપ બીરાજો, મુર્તિ મનોહર આનંદકારી. જય જય. (૫)
આરતી કીધી અતિ ઉલ્લાસે, ગુરૂ કર્પૂર સહાય કાળીદાસે. જય જય. (૬)

# ॥ श्री तपःकुलकम् ॥

॥ कर्ता–आचार्यश्री विजयपद्मसूरिः ॥

( ગતાંક પૃષ્ઠ ૩૭૬ થી અનુસંધાન. )

घणविहडणे ण वाउं–चिच्चा सत्तो परो तिहुयणम्मि ॥
तह णण्णो सुद्धतवं–विणा विणासे कुकम्माणं ॥१४॥
वरकप्पयरुसमाणो–तवो जिणिंदस्स सासणे जयए ॥
सुहतोसमूलकलिओ–सीलसुहुम पण्णसंसोहो ॥१५॥
विविहाभयदाणमहा–पहाण पण्णोहभूसिओ णिच्चं ॥
रुइजलसेयविवड्ढिय–सत्तिकुलबलाइवित्थारो ॥१६॥
सग्गाइयसुहपुप्फो–मुत्तिफलो तेण भावकप्पयरू ॥
णो देइ मुत्तिसम्मं–सासइयं दव्वकप्पयरू ॥१७॥
समणेभयवं वीरे–तब्भवणिव्वाण णाण संजुत्तो ॥
अपमाई चउनाणी–णियतत्तवियारणा निरओ ॥१८॥
सड्ढछमासदुवालस–वरिसप्पमिय छउमत्थयासमए ॥
छव्वीसदिण छमासि–क्कारस वासप्पमाण तवं ॥१९॥
संतेसुवसग्गेसुं–महप्पयंडेसुतिव्वदुक्खेसुं ॥
दीणत्तव्वइरेगा–कुणीअ समवित्तिमोएणं ॥२०॥
पणदिण णूण छमासी[1]–पुण्णछमासी[2] तिमासिया दुण्णि[3] ॥
णव चउमासितवस्सा[4]–सड्ढदुमासी तहा [5]दोण्णि ॥२१॥
दोमासियतव छक्कं[6]–नियमजुयं सड्ढमासतवजुयलं[7] ॥
मासियतवाइ बारस[8]–बावत्तरि पक्खियतवाइं[9] ॥२२॥
एगूणतीसदुसयं–छट्ठा[10] बारहतहट्ठमा[11] विजला ॥
दुदिणा भद्दा पडिमा[12]–दिवसचउक्का महाभद्दा[13] ॥२३॥
अप्पज्झाण विसिट्ठा–पभावणा भिग्गहाइसंपण्णा ॥
बहुकम्मक्खय दक्खा–दिणदसगा सव्वओभद्दा[14] ॥२४॥
सव्वेऽवि तवा विजला–विहिया वीरेण धीरमउडेणं ॥
नवचत्तालीसुत्तर–तिसयं पहु पारणदिणाणं ॥२५॥
एवं सिज्झइ महिमा–आवस्सअया तवस्सणिद्दोसा ॥
अप्पा सुवण्णतुल्लो–अग्गिसमाणो विसुद्धतवो ॥२६॥

वत्थम्मि नेहजुत्ते–जुज्जइ रेणू तहेव जीवम्मि ॥
नेहाइय संकलिए–संबज्झइ कम्मगणरेणू ॥२७॥
मलिणो कम्ममलेहिं–जीवो होज्जा तवेण संसुद्धो ॥
दुक्करसज्झं सिग्घं–सिज्झइ विहिनाणपुव्वतवा ॥२८॥
आईस सासणम्मि–आसी वरिसियतवो य उक्किट्ठा ॥
सिरिवद्धमाणतित्थे–उक्किट्ठो मासछक्कतवो ॥२९॥
बावीसजिणेसाणं–तित्थेसुं अट्ठमासमाण तवो ॥
उक्किट्ठो पण्णत्तो–जिणागमे पुण्णतत्तत्थे ॥३०॥

[अपूर्ण.]

## हिंसा के प्रति

रचयिता–जैन भिक्षु भद्रानंद.

(तर्ज–धरम को भूलगये मेरे प्यारे भाई)

हिंसा में नहीं धर्म है मेरे प्यारे भाई।
जीव घातमें किसने तुमको, धर्म कही भरमाया।
रामायण महाभारत देखो, कहीं नहीं फरमाया ॥हिंसा०॥१॥
जैसे अपना जीव अपनको, बहुत हीं लगता प्यारा।
वैसे दूजों को भी प्यारा, फिर क्यों करता न्यारा ॥हिंसा०॥२॥
सोचो कांटा चुभे पावमें, कितना दुख मनको देवे।
देह काटनेसे क्या प्राणी, घोर दुःख नहिं सेवे? ॥हिंसा०॥३॥
याद रखो वे मूक जीव सब, बुरा श्राप देकर मरते।
उसी श्रापसे दुःख उठाते, फिर भी तुम नहीं डरते ॥हिंसा०॥४॥
भेरु भवानी को माता अरु, पिता कही पुकारो।
यदि वे तुमसे घात कराते, तो उनको धिक्कारो ॥हिंसा०॥५॥
जिसको माता मुखसे कहते, उसको बलि क्यों देते?।
मात पिता क्या निज पुत्रोकी कहीं बली है लेते? ॥हिंसा०॥६॥
माता हो यदि पुत्र बली ले, माता नहिं कहलाती।
कोट कहीं किल्ले को खाती, बात ध्यान नहिं आती ॥हिंसा०॥७॥
जिस माताको बलि तुम देते, उसको नहिं वह भोगे।
पापी खाते आंख देखते, फिर भी रह गये योगे ॥हिंसा०॥८॥

सभी शास्त्र में सभी धर्म में, जीव घात कही बुरी।
जीवोकी गर्दन पर निर्दय, हो क्यों चलाते छुरी ॥हिंसा०॥९॥
जीव सभी जीना ही चाहते, मरना नहि कोई चाहे।
फिर क्यों प्राणो को हलाल कर, दूजे को कराहे ॥हिंसा०॥१०॥
हिंसा मे यदि धर्म होय तो, पाप काय मे होवे।
उल्टा पाठ पढाकर जगको, तू क्यों नर तन खोवे ॥हिंसा०॥११॥
हिंसा करने वाले पाते दुःख, वहां भी भारी।
परभव मे वे नरक भोगते, होती बहुत ही ख्वारी ॥हिंसा०॥१२॥
मरनेका भय सबसे भारी, इससम भय नहि दूजा।
प्राण बचा कर सब जीवों के, करो प्रभु पद पूजा ॥हिंसा०॥१३॥
सोचो समझो मेरे भाई, हिंसा को अब त्यागो।
भद्रानंदकी बात मान, इस महा पाप से भागो ॥हिंसा०॥१४॥

**दोहा.**

सब धर्मों का सार तो, दया धर्म ही जान।
किसी जीव को मत सता, भद्रानंद पहिचान ॥

---

## શ્રી શ્રેયાંસ જિણંદ-સ્તવનમ્.

રચયિતા-મુનિશ્રીશુસીલવિજયજી.

(શર ફિરોશીકી તમન્ના......એ રાગમાં.)

શ્રેયાંસ જિણંદ શ્રેયકારા, કર્મને એ કાપનારા;
ભવ સમુદ્રથી તારનારા, મુક્તિને એ આપનારા. શ્રેયાંસ. (૧)
મૂર્ત્તિ મોહન વદન શશિ, નયન લાગે નિર્વીકારી;
ચરણુ હસ્ત રેખા સહિત, મુદ્રા પદ્માસન ભારી. શ્રેયાંસ. (૨)
રાગ[1] દ્વેષ[2]નો લવલેશ નાહીં, અવિરતી નો પક્ષ નાહીં;
હાસ્ય[3] રતિ[4] અરતિ[5] નાહીં, ભીતિ[6] શોક[7] દુગંછા[8] નાહીં. શ્રેયાંસ. (૩)
મિથ્યા[9] મોહ[10] નિદ્રા[11] હણ્યાં, કામ[12] કંદર્પ[13] ભાગી ગયાં;
પાંચે [14]અંતરાય[18] છુટી પડયાં, દોષ અઢાર દૂરે ટળ્યાં. શ્રેયાંસ. (૪)
દેવ દેવેન્દ્ર નિત્ય સેવે, ભવિક વૃંદ ગુણુ ગાવે;
નેમિ લાવણ્ય દક્ષ ધ્યાવે, સુશીલ શિવ સુખ પાવે. શ્રેયાંસ. (૫)

---

# શ્રીસિદ્ધચક્રની તાત્વિક ભાવના.

લેખક. જૈનાચાર્ય શ્રી વિજયપદ્મસૂરિજી.

( ગતાંક પૃષ્ઠ ૩૭૮ થી અનુસંધાન )

એ પ્રમાણે તીર્થંકર નામકર્મના રસને અનુભવતા અને તેરમે ગુણસ્થાનકે વર્તમાન એવા અરિહંત પ્રભુની તીર્થંકર નામકર્મનો રસોદય શરૂ થયા પછીની બીના જણાવી. હવે મહાપ્રભાવશાલિ નવપદમય શ્રી સિદ્ધચક્રની આરાધનામાં ઉજમાલ બનેલા ભવ્ય જીવોએ એટલું તો અવશ્ય સમજવું જ જોઇયે કે, ઉપર જણાવેલી અતિશયાદિ ઋદ્ધિ-તીર્થંકર એવા અરિહંત પ્રભુ શિવાય બીજા સામાન્ય કેવલિ ભગવંતોને નજ હોઇ શકે-જો કે સામાન્ય કેવલિ ભગવંતો (તે) પણ અરિહંત તો કહી શકાય, કારણ-તેમણે પણ ઘાતિ કર્મોનો નાશ કર્યો છે પણ તીર્થંકર ન કહી શકાય. કારણ કે જે જીવે પહેલાં તીર્થંકર નામકર્મનો નિકાચિત બંધ કર્યો હોય, તે તીર્થંકર થઇ શકે છે. અહીં '**નિકાચિતબંધ**' એમ કહેવાનું કારણ એ છે કે-બદ્ધાદિ સ્વરૂપે બાંધેલા તીર્થંકર નામની કોઇ વખત ઉદ્વલના થાય છે. અને તેવા બંધથી તીર્થંકર ન થઇ શકે માટે જેણે તીર્થંકર નામકર્મનો નિકાચિત બંધ કર્યો હોય, તેજ ભવિષ્યમાં તીર્થંકર થઇ શકે એમ સમજવું. તે બંધ સામાન્ય કેવલિ ભગવંતોએ કર્યો નથી, માટે જ તેમને 'કેવલી' એમ નહિ કહેતાં સામાન્ય કેવલિ કીધા છે. એટલે પ્રાતિહાર્યાદિ અને અતિશયોની ઠકુરાઇ જેમને ન હોય, તે સામાન્ય કેવલિ કહેવાય, બાકી કેવલિપણું તો બંનેમાં એટલે તીર્થંકર અરિહંત પ્રભુમાં અને-સામાન્ય કેવલિમાં સરખું જ છે. આવું તે ઉત્તમ તીર્થંકર અરિહંતપણું કે જેને લઈને અનેક જીવોનો ઉદ્ધાર કરવાનો અપૂર્વ પ્રસંગ પ્રાપ્ત થાય છે. તેને તે અરિહંત પ્રભુએ કેવી રીતે પ્રાપ્ત કર્યું ? જેના ઉદયથી પ્રભુ તીર્થની સ્થાપના વગેરે કરે છે, એવું તીર્થંકર નામકર્મ પ્રભુએ કયારે અને કયા હેતુથી બાંધ્યું ? આ સંબંધિ હવે જાણવું જોઇયે. તેમાં પહેલાં અરિહંત પ્રભુ તીર્થંકર નામકર્મ કયા કારણથી બાંધે છે ? તે સંબંધિ કહીયે છીયે-જો કે '**सम्मत्तगुण निमित्तं तित्थयरं**' એવા કર્મગ્રંથની ટીકાના વચનથી ૧ ક્ષાયિક. ૨ ઔપશમિક. ૩ ક્ષાયોપશમિક. આ ત્રણ સમ્યક્ત્વમાંથી કોઇપણ સમ્યક્ત્વવાલો જીવ તીર્થંકર નામકર્મનો બંધ કરી શકે છે. પરંતુ ત્યાં એ સમજવાનું છે કે-સમ્યકત્વની સાથે કષાયની અમુક પ્રકારની જે મંદ સ્થિતિ તે પણ જિન નામના બંધમાં કારણ છે. એટલે મુખ્ય કારણ-**सेसाउ कसाएहिं** આ વચનથી મંદ કષાય વિશેષ છે. અને તે મંદકષાય વિશેષના સ્વરૂપને જણાવતા પૂજ્યપાદ આચાર્ય શ્રી મલયગિરિજી મહારાજાએ પંચસંગ્રહની ટીકામાં કહ્યું છે કે-જેઓની હયાતીમાં જગતના તમામ જીવોને ઉદ્ધરવાની ભાવના રહેલી છે અને

બીજા પણ વિશિષ્ટ ગુણો રહેલા છે, એવા પ્રશસ્ત કષાયો કે જેઓ અપૂર્વ કરણ ગુણસ્થાનકના છઠ્ઠા ભાગ સુધી જ સંભવે છે, તે કષાયો જિન નામના બંધમાં મુખ્ય કારણ છે એમ સમજવું. જે વખતે તેવા કષાયો વર્ત્તતા હોય છે તે વખતે ત્રણ દર્શનોમાંનું કોઈ પણ દર્શન પણ હોય છે, એટલે સમ્યગ્દર્શન જિન નામના કારણ ભૂત તેવા મંદ કષાયોના પ્રાદુર્ભાવમાં સહાયક છે. અને તે પછી જિનનામના બંધ થઇ શકે છે. આ ઉપરથી સાર એ લેવાનો છે કે–જિનનામના બંધમાં અનન્તર કારણ તે કષાય વિશેષ છે. અને પરંપર કારણ સમ્યગ્દર્શન છે.

પ્રશ્ન–એકલા સમ્યગ્દર્શનથી જિનનામ કેમ ન બંધાય?

ઉત્તર–એકલા સમ્યગ્દર્શનથી જિનનામ ન બંધાય કારણ કે–ક્ષાયિકાદિ સમ્યક્તવોમાંથી ‘ ઉપશમ સમકીતથી જિનનામ બંધાય છે.’ એમ જો કહીએ તો વાંધો એ આવે છે કે–ઔપશમિક દર્શન તો અગીયારમા ઉપશાંત કષાય વીતરાગ છદ્મસ્થ ગુણસ્થાનક સુધી હોય છે. ત્યાં કારણ હોવાથી જિનનામનો બંધ થવો જોઇયે છતાં થતો નથી. કારણ–અપૂર્વ કરણ ગુણસ્થાનકના સાત ભાગો પૈકી છઠ્ઠા ભાગથી આગળ પંચસંગ્રહાદિમાં જિનનામનો બંધ ન થાય, એમ કહેલ છે. માટે જિનનામના બંધમાં એકલું ઔપશમિકદર્શન કારણ ન કહી શકાય. હવે એકલા ક્ષાયિક દર્શનથી જિનનામ બંધાશે એમ જો કહીયે તો તેમ પણ ન કહી શકાય. કારણ ક્ષાયિક દર્શન તો સિદ્ધપરમાત્માને પણ છે. તેમને જિનનામનો બંધ કરવાનો અનિષ્ટ પ્રસંગ પ્રાપ્ત થશે. કારણ કોઇપણ સિદ્ધાન્તમાં એમ નથી કહ્યું કે–સિદ્ધ પ્રભુ જિનનામ કર્મ બાંધે માટે એકલું ક્ષાયિક દર્શન જિનનામના બંધમાં કારણ છે એમ પણ ન કહી શકાય. હવે ક્ષાયોપશમિકદર્શનથી જિનનામ બંધાશે એમ કદાચ કહેવા માગીએ તો તેમ પણ ન કહી શકાય. કારણ આઠમે ગુણઠાણે ક્ષાયોપશમિક દર્શન નહિ છતાં જિનનામનો બંધ થાય છે. જેના વિના જે બંધાય તે તેનું કારણ કેવી રીતે થઇ શકે? અર્થાત્ ન જ થઇ શકે–માટે એકલું ક્ષાયોપશમિક દર્શન પણ જિનનામના બંધમા કારણ ન થઈ શકે. એ ઉપરથી સાબીત થયું કે ત્રણ દર્શનોમાંનું કોઈપણ દર્શન જો તે બીજા કારણની સહાય વિના એકલું હોય, તો તે જિનનામના બંધમાં કારણ ન થઇ શકે. આથી એ નિર્ણય કર્યો કે–ઉપર જણાવેલા *ભાવનાદિગુણોવાલા કષાય વિશેષની હયાતીમાં જો ક્ષાયોપશમિક વગેરે* સમ્યક્ત્વ ગુણ વિદ્યમાન હોય તો તેનાથી ૮ મા *ગુણઠાણાના છઠ્ઠા ભાગ* સુધી જિનનામ બંધાય. અથવા જો ક્ષાયિક હોય તો તે દ્વારા પણ ૮ માના છઠ્ઠા ભાગ સુધી જ જિનનામ બંધાય, કારણ ઉપર જે જણાવ્યું, તેજ છે. અને જો ક્ષાયોપશમિકદર્શન હોય તો તે દ્વારા સાતમા ગુણસ્થાનક સુધીજ જિનનામકર્મ બંધાય. કારણકે અપ્રમત્તગુણસ્થાનકથી આગળ ક્ષાયોપશમિક દર્શન હોયજ નહિ. એટલે એકલા કષાય વિશેષરૂપ અનન્તર કારણથી પણ જિનનામકર્મ ન બંધાય; એ અહીં ખાસ સમજવા જેવી બીના છે. (અપૂર્ણ.)

# શ્રી જૈનાગમ પ્રશ્નમાલા યાને પ્રશ્નોત્તર કલ્પલતા.

લેખકઃ-આચાર્યશ્રી વિજયપદ્મસૂરિજી.

(ગતાંક પૃષ્ઠ ૩૮૫ થી અનુસંધાન)

૨૩-પ્રશ્ન—જાતિ સ્મરણ જ્ઞાનથી કેટલા પૂર્વ (પાછલા) ભવોની બીના જાણી શકાય?

ઉત્તર—જાતિ સ્મરણ નિયમે કરીને સંખ્યાતા ભવોની બીના જણાવે છે. એમ શ્રી આચારાંગ સૂત્રની ટીકામાં શ્રી શીલાંકાચાર્યે કહ્યું છે તે પાઠ આ પ્રમાણે છે.

"जाति स्मरणं तु नियमतः संख्येयान्"

(આનો અર્થ ઉપર જણાવ્યો છે.)

થઈ ગયેલા સંખ્યાતા ભવોની બીના જાણવા રૂપ જાતિ સ્મરણજ્ઞાન એ એક મતિજ્ઞાનનો ભેદજ છે એમ કર્મ ગ્રંથની ટીકામાં શ્રી દેવેન્દ્રસૂરિ મહારાજે કહ્યું છે તે પાઠ આ પ્રમાણે-"जाति स्मरणमपि समतिक्रांत संख्यातभवावगमस्वरुपं मतिज्ञानभेदएव" (આનો અર્થ શરૂઆતમાં જણાવી દીધો છે. જાતિ સ્મરણ જ્ઞાનથી જઘન્યથી (ઓછામાં ઓછા) એક બે ભવની બીના અને ઉત્કૃષ્ટથી (વધારેમાં વધારે) નવ ભવોની બીના જાણી શકાય. જાતિ સ્મરણ જ્ઞાનનો એવો સ્વભાવ છે કે નવ ભવોથી અધિક ભવોની બીના તેથી ન જાણી શકાય માટે તે બીના જાતિસ્મરણ જ્ઞાનના વિષય તરીકે ન ગણાય.

આ બાબતમાં સાક્ષી તરીકે આ ગાથા જાણવી.

पुव्वभवे सो पिच्छइ इक्कोदोतिण्णि जाव नवगंवा ॥
उवरि तस्स अविसओ सहावओ जाइसरणस्स ॥१॥

(આનો અર્થ શરૂઆતમાં જણાવી દીધો છે)

૨૪-પ્રશ્ન—પ્રત્યભિજ્ઞાનનું સ્વરૂપ શું?

ઉત્તર—અહીં થોડા વખત પહેલાં કોઇને આપણે કોઇ પણ પ્રદેશમાં જોયો હોય, તેને જ્યારે આપણે નજરો નજર જોઈએ, ત્યારે આપણને જ્ઞાન થાય છે કે જેને પહેલાં મેં જોયો હતો, તેજ આ (પુરૂષાદિ) છે, આવા પ્રકારનું જે જ્ઞાન તે પ્રત્યભિજ્ઞાન કહેવાય.

૨૫-પ્રશ્ન—પ્રાયશ્ચિત્તનું સ્વરૂપ શું?

ઉત્તર—મોહ અને અજ્ઞાનને લઇને જે દોષો સેવવાથી ચિત્ત અને ઉપલક્ષણથી આત્મા મલિન બન્યા છે, તેને ઘણું કરીને જે નિર્મલ બનાવે, તે પ્રાયશ્ચિત્ત કહેવાય. જાણી જોઇને, રાચી માચીને જે ચીકણાં કર્મો બાંધ્યા હોય,

તે કર્મોનો પ્રાયશ્ચિત્તથી પણ છૂટકારો થતો નથી, તેવા કર્મો જરૂર ભોગવવાજ પડે છે. જેમ રજ્જા સાધ્વીએ તેવા કર્મોના ફલ રીબાઈ રીબાઇને ભોગવ્યા. આ વસ્તુ જણાવવાને 'ઘણું કરીને' એમ કહ્યું છે કે પ્રાયશ્ચિત્ત અમુક હદ સુધીના જ પાપોની શુદ્ધિ કરી શકે છે. રજ્જા સાધ્વીની બીના વિસ્તારથી શ્રીમહાનિશીથસૂત્રમાં જણાવી છે. તેમાંથી ઉદ્ધરીને શ્રીવિજયલક્ષ્મીસૂરિજી મહારાજે શ્રીઉપદેશ પ્રાસાદના ૨૭૯ માં વ્યાખ્યાનમાં સંક્ષેપથી તે જણાવી છે.

૨૬. પ્રશ્ન—જેની પાસે દોષ જણાવીને આપણે પ્રાયશ્ચિત્ત લેવું જોઇએ તે પ્રાયશ્ચિત્ત આપનારના કેટલા ગુણો કહ્યા છે ?

ઉત્તર—છ ( ૬ ) ગુણોને ધારણ કરનારા સંયમિ પુરૂષો 'આલોચનાચાર્ય' કહેવાય છે—તેમની પાસે પ્રાયશ્ચિત્ત લઇને તે પ્રમાણે તપશ્ચર્યાદિ અનુષ્ઠાન કરીને આત્મશુદ્ધિ કરવી.

૨૭. પ્રશ્ન—આલોચનાચાર્યના છ ગુણો કયા કયા ?

ઉત્તર. ૧—ગીતાર્થ—નિશીથ—મહાનિશીથ—દશાશ્રુતસ્કંધ-બૃહત્કલ્પ—વ્યવહારસૂત્ર—પંચકલ્પસૂત્ર, આ છ છેદસૂત્ર તથા સ્થાનાંગ—સમવાયાંગ વગેરે સૂત્રોના યથાર્થ રહસ્યને જાણે તે ગીતાર્થ કહેવાય. ૨—કૃતયોગી—ગીતાર્થ શ્રીગુરૂમહારાજાદિની પાસે જેણે વિધિપૂર્વક સૂત્રોના યોગોદ્વહન ક્રિયા કરી છે, તે કૃતયોગી કહેવાય. ૩—ચારિત્રી—નિર્મલ સંયમને સાધનારા. ૪—ગ્રાહણાકુશલ-લજ્જાદિને લઇને કોઈ પૂરેપૂરો દોષ ન જણાવી શકતો હોય, તો તેને વિવિધ દૃષ્ટાંતાદિથી ઉત્સાહી કરીને તેના લજ્જાદિ દૂર કરે, તેનો દોષ જાણ્યા પછી યોગ્ય પ્રાયશ્ચિત્ત આપે, આવા ગુણવાલા જે હોય, તે ગ્રાહણાકુશલ કહેવાય. ૫. ખેદજ્ઞ—પ્રાયશ્ચિત્ત લેનારની શક્તિ, ઉંમર વગેરેનો વિચાર કરી જેમ થોડા ટાઈમમાં પ્રાયશ્ચિત્ત પુરૂં થઇ જાય તે રીતે પ્રાયશ્ચિત્ત દેવાનો વિધિ જાણનાર, તથા દ્રવ્યાદિને જાણનાર જે હોય, તે ખેદજ્ઞ કહેવાય. ૬. અવિષાદી—એટલે ગંભીર હૃદયવાળા અને સામાના ( દૂષિતના ) દોષો સાંભળે, છતાં ખેદ ન પામે, કર્મની વિચિત્રતાનો વિચાર કરી સામાની ભૂલ બીજાને કહે જ નહિ, સર્વ પ્રકારે પ્રાયશ્ચિત્ત લેનારનું કલ્યાણ ચાહે, આવા બીજા અનેક ગુણોને ધારણ કરનાર આલોચનાચાર્યની પાસે ભવ્યજીવોએ આલોચના લેવી જોઇએ. કહ્યું છે કે—

> गीयत्थो कड जोगी-चारित्ती तहय गाहणा कुसलो ।
> खेअण्णो अविसाई-भणिओ आलोअणा यरिओ ॥१॥

આ ગાથાનો અર્થ શરૂઆતમાં જણાવી દીધો છે. ( અપૂર્ણ. )

# ધર્મ્ય વિચાર.

લેખકઃ-ઉપાધ્યાય શ્રીસિદ્ધિમુનિજી.

(પુ. ૨ અંક ૧૧ ના પૃષ્ઠ ૩૪૯ થી અનુસંધાન.)

(૧૩) જગતના સમર્થ ત્યાગી વિરાગી 'મહાવીરો'માંનો એક વર્ધમાન 'મહાવીર' આત્મ કલ્યાણુ અને જગતના હિતને માટે સ્વજન અને સર્વસ્વને તજી દઈ ચાલ્યો જાય છે. સંસારમાં બધાંય બંધનોને છોડતો મુક્ત-વિહારી તે, પૃથ્વી પર ઉગ્ર પર્યટન કરે છે. તેના પગથી તે માથા સુધી રોમરોમમાં દયા ઠાંસી ઠાંસીને ભરી છે, છતાં તે પોતાની કાયાને તપાવવામાં કોઈ અજબ શૂરાની બેદરકારીથી નિષ્ઠુરતા ધરાવે છે. તે કાયાને કસી રહ્યો છે, અનાહારાદિથી દમી રહ્યો છે; છતાં તેના શરીર પર કૃશપણું કે નમાલાપણું જણાતું નથી. તેના અંતરમાં ઉદાસીનતાનો અનહદ આહ્લાદ છે, તેથી તેનું શરીર વિકસ્વર અને અતીવ પ્રફુલ્લિત છે. પુણ્યનાં અજબ ફળોએ પ્રબળ પુણ્યાત્મા અનુભવી રહ્યો છે. તેના લોહીમાં અને માંસમાં ઉજ્જવલતા છે તથા શરીરમાં સુવર્ણશી સુવર્ણતા છે. તેના મ્હોં પર લાખો સૂર્યોનો પુણ્ય પ્રતાપ કોટિકોટિ ચંદ્રોની અપૂર્વ શાંતિ સાથે ઝળહળી રહ્યો છે. તે નથી આપતો પોતાની કશી ય પ્રવૃત્તિની જાહેરાત કે તેને નથી જોઇતી કોઇના કલ્યાણુ માટે નાણુંના-ધનના ઢગલાઓની જરૂરાત ! તેણે દાન દેવા વગેરેથી અબજોની સંપત્તિને ઠેસ મારી છે, હવે તે તેને સ્પર્શ કરવામાં પણ ઔચિત્ય માનતો નથી. તે કોઈને રીજવવા કે ખીજવવા તૈયાર નથી, તેમ તેને કોઇનાં મનાવણું કે રીસામણું કરવાનાં ય નથી. નથી તેને કયારે ય હસવું કે નથી તેને કયારે ય રડવું ! એવી એવી જાતની શિથિલતાઓથી-આત્મીય નિર્બળતાઓથી એ 'મહાવીર' સર્વથા પર છે. એ નથી કરતો તેવી ભૂલ અને એને નથી કરવાં પડતાં તેવાં ભૂલનાં પ્રાયશ્ચિત. સદા સાવધતાથી વર્તતા એ આત્માને, ચાલાકી ભર્યો વ્યર્થ વધુ બડબડાટ કરવાનો ન હોવાથી અને પોતાને જે જ્ઞાનોપયોગ છે તેથી પર વિષયમાં અમસ્તુ માથું મારવાનો સ્વભાવ ન હોવાથી, જરીયે અસત્ય સ્પર્શતું નથી.

એ મહાપુરૂષ વૈભવમાં જન્મ્યો અને વૈભવમાં ઉછેરાયો. એની ઠકુરાઇ ત્રીશ ત્રીશ વર્ષો સુધી દૈવી હતી, છતાં અત્યારે તે પાદવિહારી છે. તેમે કોમળ પગનું રક્ષણુ કરવામાં કે શ્રમને હરવામાં ઉપાનહ કે વાહનની અપેક્ષા નથી. જડ કે ચેતન ગમે તે હો, પરની સહાયથી તે આત્મહિત સાધવા માગતો નથી. એની નજરમાં સ્નેહ કે માયા મમતા નથી, છતાં અપાર કરૂણાથી તેમાં અથાગ અને અપૂર્વ આર્દ્રતા રહેલી છે અને તેથી જ તે જમીનને સમ્યક્ નિહાળી પોતાનાં પૂનીત પગલાં ભરી ગમન કરે છે. પૃથ્વીને ધ્રુજાવી શકે એવું શારીરિક બલ હોતાં છતાં તેનાં પગલાંમાં અલૌકિક હળવાશ

છે. અત્યારે તેની પાસે સામાન્ય જગતની દૃષ્ટિએ કાંઇ પણ નથી; કેમકે તે નિષ્કંચન છે. છતાં ઉદાર તો તેવો ને તેવો જ—ગૃહસ્થાશ્રમના જેવો જ છે. તુચ્છ લક્ષ્મીથી જગતને ધનવાન બનાવવામાં હવે તેને સાર જણાતો નથી. તે સૌને આત્મધનથી સધન બનાવવા માગે છે. એ આત્મિક ધન મેળવવા તે હાલ સર્વ કાંઈ આગંતુક કે ઉદીરિત ઉપદ્રવો ક્ષમાથી સહન કરી રહ્યો છે. સહવામાં તેને નથી જરા યે દીનતા કે અધીરતા. એ સિંહવૃત્તિમાં સત્ય સ્વાર્થ ન સમજનારી દુનિયાનો ખળભળાટ તેને લેશ પણ અસર કરી શકતો નથી. બાહ્ય જગતથી વધારે દૂર રહેલી આત્મરમણતાના સ્વસ્થ સ્થાનમાં, તે 'મહાવીર' બહુ જ સ્વસ્થતાથી નિર્ભય વિચરી રહ્યો છે, જ્યાં જગતનો ખળભળાટ પહોંચી પણ શકે નહિ. (અપૂર્ણ.)

---

# शास्त्रसम्मत मानवधर्म और मूर्त्तिपूजा.

लेखक:—पू. मु. श्रीप्रमोदविजयजी गणिवर्य. (पन्नालालजी)

( ગતાંક પૃ૪ ૩૮૩ થી અનુસંધાન. )

श्रीमान् रतीलाल भीखाभाईने दैनिक मुंबई समाचार के श्री लोंकाशाह और जैन धर्म शीर्षक लेख में यह सिद्ध कर दिखलाया है कि यूरोप में भी प्राचीन काल से मूर्तिपूजा प्रचलित थी और है। इसीके प्रमाण में आमेत के एक बड़े पादरी रुई की मूर्ति पत्थर में खोदी हुई ३९०० वर्ष पूर्व की अभी ही मिली है जो कि ब्रिटीश म्यूजियम में सुरक्षित है। इससे चार हजार वर्ष पूर्व भी यूरोप में मूर्तिपूजा प्रचलित थी ऐसा प्रमाणित होता है ओलंपिया के पास "हीरा" नामक मंदिर जो कि ३००० वर्ष पुराना है उसकी प्राचीनतासूचक खंडहर अभी भी यत्र तत्र मिलते हैं। रंगूनमें पैगोड़ा का स्तूप अद्यावधि विद्यमान है जो कि बहुत प्राचीन है। एलिफेन्टा की गुफाओं में ३००० वर्ष पूर्व की खुदी हुई शिवपार्वती की मूर्तियां सम्प्रति भी विद्यमान हैं। मुंबई के शिवभक्त लोग शिवरात्रि महोत्सव भी वहीं पर जाकर मनाते हैं। अनन्ता और इलोरा में भी जैन, बौद्ध और वैदिक संस्कृति के प्राचीन मंदिर दिखलाई देते हैं। यह सब मूर्तिपूजा की प्राचीनता के साधक कम प्रमाण नहीं हैं। इजिप्त की संस्कृति का द्योतक एडुकु का २२०० वर्ष का मंदिर अभी तक भग्नावस्था में रह कर अपनी प्राचीनता का परिचय दे रहा है। इतना ही नहीं किंतु ब्रिटिश म्यूजियम में ५४०० वर्ष पूर्व को एबिडोस नामक इजिप्त राजा की मूर्ति हाथीदांत में कोरी हुई विद्यमान है यह प्राचीन मूर्तिपूजा के माहात्म्य को सूचित करती है। करीब ५००० वर्ष पूर्वका हि मोटेप नामक डाक्टर का बावला अभी भी ब्रिटिश म्यूजियम में विद्यमान है। इन प्रमाणों से इतना तो सिद्ध हो चुका है कि ६ हजार वर्ष पूर्व भी संसार में मूर्तिपूजा का महत्व था और उसका मानवसमाज में प्रचार भी काफी था। ऐसेही जैनधर्म में मूर्तिपूजा भी बहुत प्राचीन है यदि मानवता के साथ इसका अनादिकालीन संबंध माना जाय तो किसी प्रकार की

अत्युक्ति न होगी। वर्तमान में भी ऐसे प्राचीन मंदिर मिलते हैं जो कि जैनधर्म की उत्तमता को प्रकट कर रहे हैं। राजा लोग जैन धर्मके पूर्ण अनुयायी बन गये तब मूर्तिपूजा के संस्कारोंने उनके हृदय में भी घर किया और उन्होंने भी दुर्गों, किलों, गढों, प्रासादों और पहाडों पर शिखरबंद विशाल जैनमंदिर बंधवा कर जैनधर्म की प्राचीनता का एवं अपनी धर्मशान का परिचय दिया। उन मंदिरों में चित्तौडगढ का मंदिर, जैनियोंका कीर्तिस्तंभ, कुंभलगढ, मंडोर, जेसलमेर, बदनावर, ईडर, जालौर, मांडवगढ, रणथंभो, अलवर, त्रिभुवनगिरि, राजदेहनगरी के रत्नगिरि, विपुलगिरि, व्यवहारगिरि, सोनगिरि पहाड पर, क्षत्रियकुंड की पहाडी पर, कोलसीपहाड (भद्रलपुर) पर, शत्रुंजयादि के पहाड पर, तलाजा कदंबगिरि के पहाडों पर, नारभाई की दोनों पहाडियों पर, पाली, जोधपुर, राजनगर के राजगढ (मेवाड) की पहाडी पर के जैन मंदिर आज भी अपनी प्राचीनता को सिद्ध करने के लिये सगर्व उन्नत मस्तक हो खडे हुए हैं साथ ही जैनियों के भूतकालीन उज्ज्वल गौरवको भी प्रमाणित कर रहे हैं। इन सब प्रमाणोंसे यह स्पष्ट प्रमाणित हो जाता है कि मूर्तिपूजा जैनधर्ममें बहुतही प्राचीन है और ईसका अनुकरण संसारने ही किया है।

इसमें नवीनता ही क्या है जब कि अन्यान्य समाज भी यहांकी छटा और प्राचीनता की प्रशंसा किये बिना नहीं रह सकता है। जर्मन, अमेरिका, इङ्लैण्ड आदि के प्रसिद्ध दार्शनिक, फिलासॉफर, तार्किक, पुरातत्वज्ञ, एवं अन्वेषक विद्वान् गण भी इन पुण्य तीर्थस्थानों का निरीक्षण कर अपने इतिहासोंमें भारतीय कला चातुर्य और जैनियों के सार्वभौमाधिपत्य का उल्लेख करते हैं। वास्तव में मौर्य काल के समय जैनियों की अखंड ज्योति जगमगा रही थी इतना ही नहीं किंतु जैन धर्म के अनेक राजा महाराजागण भी अनुयायी हो गये थे और उसके सर्वोत्तम सिद्धान्तों को बहु मानपूर्वक स्वीकार करते थे। कितनेक स्थानों पर जैन धर्म राज्यधर्म हो गया था। राजाओं के सहयोग से भी जैनधर्म के प्रचार में बहुत सफलता प्राप्त हुई थी। हेमचंद्राचार्य सरीखे सर्वतोमुखी प्रतिभा सम्पन्न मुनिवरने भी राजसभा में प्रवेश कर अपने पांडित्य के प्रभाव से अनेक मंदिरों की प्रतिष्ठा एवं जीर्णोद्धार करवाया। जो धर्म राज्यधर्म हो जाता है फिर उसके प्रचार में कुछ भी विलंब नहीं लगता है वास्तव में प्राचीन जैन मंदिर जैनियों के लिये ही गौरवसूचक नहीं है किंतु अन्वेषकों की एक महत्वपूर्ण अमूल्य वस्तु विशेष भी है। पुरातत्व विदों के तो गले का हार रूप ही है।

जर्मनी का राष्ट्रीय चिह्न स्वस्तिक (साथिया) है। और स्वस्तिक चिह्न आर्य प्रजा के संस्कारको ही सूचित करता है। आर्य प्रजा के संस्कार को ही नहीं किंतु जैनत्व का पूर्ण गौरव रूप भी है। जैनी लोग तो वर्तमान में भी प्रभु प्रतिमाके आगे स्वस्तिक (साथिया) करते हैं। जैनियों के अष्ट मांगलिक में स्वस्तिक का भी उल्लेख है। वास्ते ऐसा सिद्ध होता है कि जर्मनी में भी किसी समय जैनियों का प्रभुत्व था। भारतवर्ष के आर्यजन मूर्तिपूजक तो थे ही किंतु पशुपूजा भी करते थे और वे ही परंपरागत संस्कार वर्तमानमें भी दृष्टिगोचर हो रहे हैं। आधुनिक भारत में आज भी पशुपूजा का त्योहार माना जाता है।

उस दिन पशुओं को बहुत सजाया जाता है। महाराष्ट्रदेश में तो यह प्रथा बहुतायत से प्रचलित है। इसके अतिरिक्त मेवाड़, मारवाड़, यू. पी. आदि भिन्न २ प्रांतों में भी इसका प्रचार है। वास्तव में मूर्तिपूजा प्राचीनतम है और इसका महत्ता सर्व साधारण के लिये अनुभवित ही है।

मूर्तिपूजा वास्तव में जीवन का और धर्म का एक मुख्य अंग है। इससे मानसिक शांति का शीघ्रतापूर्वक अनुभव होने लगता है। जिसके हृदय में कभी स्वप्न में भी प्रभु भक्ति की उत्कण्ठा नहीं हुई है उसका हृदय प्रभु प्रतिमा दर्शन से अवश्य द्रवीभूत हो जावेगा। प्रतिमा में जीव के जीवन में धार्मिक संलग्नता और दृढता पैदा करने की अद्भूत चमत्कार शक्ति विद्यमान है। (अपूर्ण.)

## "અધ્યાત્મવિચાર મૌક્તિક"

લેખકઃ—**શ્રી કલ્યાણવીમળજી ( આનન્દી )**

(૧) કોઇ પણ પ્રવૃત્તિ કરવા તરફ લક્ષ્ય ન જાય તે સર્વથા હિતરૂપ છે. અંતર પ્રણિત આજ્ઞા તરફ લક્ષ કરી સ્વરૂપમાં અથવા જ્ઞાનમાં ડુબી જવું વધારે શ્રેયકારી છે; એક પ્રગટેલો દીવો સર્વ સ્થળે પોતાના સ્થાનમાં રહેતા છતાં સૌને અજવાળુ આપે છે, તેમ જીવનમાં કેવળજ્ઞાન પ્રગટ થતાં સર્વ જીવની ભારે સેવા કરી શકે છે. એટલે સેવાની ભાવના ઉત્કૃષ્ટપણે ચાલુ રાખવા ખાતર પણ આપણે જ્ઞાનમાર્ગની આરાધના કરવી રહી. પુરૂષાર્થના બળે કરીને જ ભાવી સર્જાયું છે. તે ભાવીનું દર્શન કરતાં નવું ભાવી કેવું સર્જવું તેનો વિચાર અવશ્ય કર્તવ્ય છે. (૨) દુનિયવી સુઃખ દુઃખ વગેરેના વિચાર દુનિયામાં જ સમાયેલા છે. જેમ જેમ વિચારસાગરમાં સૂક્ષ્મ પણે જવાય તેમ તેમ બહારની ઉપાધી-પ્રવૃત્તિઓ વગેરે આપો આપ સમાઇ જશે. દેહ અને તેની પ્રવૃત્તિઓમાં ઉદયાધિન કરવી શ્રેયકારી છે. ઉદીરણા કરી કરવાથી દેહાદીનો પ્રસંગ ઉભો થવાનો જ, એટલે જીવ નવનવા ભવરૂપ વાગા સજવાનો અને પોતાની જાતને દુઃખમાં ડુબાડવાનો, સર્વથા અને સત્ય એ જ હિતકારી છે કે જે કંઈ શબ્દજ્ઞાન પ્રાપ્ત થયું છે તેને હવે હૃદયકમળના ઉંડા ભાગમાં એટલે જ્ઞાન ચક્ષુમાં ઉતારી અનુભવ કરી યોગ્યાયોગ્યનો નિર્ણય કરી હિતરૂપ આચરવું અને અહીતરૂપ છોડવા પ્રયત્નશીળ થવું એજ કર્તવ્ય છે. (૩) આજે ઉપાધીઓ સામે સમાજ બળવો પોકારે છે કારણ કે કોઇ પણ ઉપાધીધરો જૈનસમાજનું હિત કરવાને નિષ્ફળ નિવડયા છે. વીરશાસનનો ઝંડો ફરકાવતો રાખવા માટે સારાય સમાજનું જીવન ધોરણ આર્થિક અને ધાર્મિક દ્રષ્ટિએ ઉંચું થવું જોઇએ. પર સંપ્રદાય અને રાજ્યાધિકારીઓ ઉપર જ્યાં સુધી તાત્ત્વિક અસર પાડવામાં ન આવે ત્યાં સુધી ખાબોચીયાના દેડકાની માફક પેટ પુલાવવામાં હિત નથી. જેટલું બને તેટલું ગુપ્ત જીવન વિકસાવી જગત્ હિતના શુદ્ધ માર્ગને પામી જગતને કર્તવ્યના પંથ પર દોરવા જેટલી શક્તિ, ભક્તિ અને પ્રેમ પ્રાપ્ત કરવા માંડવું, એ કર્તવ્યના ફળ રૂપે જ જગત્ ઉપાધી વળગાડે છે. ઉપાધીના સમારંભો કરવા

પડતા નથી, એતો જીવોની જીભ ઉપર જ ચડી જાય છે. (૪) લખાણુ, વિચાર અને વર્તન સાથે આપણો મેળ ન હોવાથી જીવો ઉપર ઊંડી ધર્મની અસર પાડી શકાતી નથી જ. (૫) વિકરાળ કાળ ધસપસતો પસાર થતો જાય છે. જડ પદાર્થોની આકર્ષણ શક્તિ પ્રબળ વેગે ફેલાતી જાય છે. અનાદિકાળના સંસ્કારથી અનંતાનુબંધી કષાયનું સ્વરૂપ સમજાતું નથી. એટલે જીવ દુખાગારમાં ડુબતો જ જાય છે, દુઃખના પ્રત્યક્ષ સાધનોને સુખના સાધનો માને છે. સુખના પ્રત્યક્ષ સાધનને દુઃખ માને છે. આથી સારોય સંસાર દુઃખથી જ લીપ્ત બને છે. આમાંથી છુટવા માટે આત્માની અનંત શક્તિનો અને સુખના સ્વાદનો અનુભવ રસ ચખાવવાની જરૂર છે. એક વાર સુખના સ્વાદનો રસ ચખાઇ જશે તો પછી તેના અંગેની કરવી પડતી ક્રિયા જીવો કર્યા જ કરશે. જ્યાં સુધી આ અનુભવ તત્વને જીવ ઓળખે નહી, ચાખે નહી, ત્યાં સુધી ગમે તેવી અને ગમે તેટલી ક્રિયા કરે પણુ સાધુતા પ્રગટશે નહી. મુક્તિનો માર્ગ મળશે નહી. જગત્ જેને સંસાર માને છે અને છોડે છે તે ખરો સંસાર નથી જ એટલે માન્યતામાં જ્યાં ભેદ હોય ત્યાં ધ્યેયને પહોંચી શી રીતે શકાય ? જીવ વિચારવા મંડી જાય તો સરળતાપૂર્વક સન્માર્ગનો ઉકેલ આવે. પરંતુ પકડેલુ પુછડું મુકવા જેટલી તીવ્ર ઇચ્છા ન હોય ત્યાં મુક્તિના સાધનો પણુ ઝેર રૂપે પરિણુમાવી સ્વયં નાશને નોતરે છે.

આપણે સૌ મિથ્યાત્વમાં બુડ બુડ ભરેલા છીએ તેમાં એક ધારી સત્ય સલાહ મળવી ભારે મુશ્કેલ છે. આપણો અક્ષરદેહ આપણી વાણી બીજાને ઉન્નતિ ક્રમમાં લઇ જવા જેટલી બળવાન હોય તેમ સ્વીકારતાં મન અચકાય છે. આપણું જ્ઞાન અને વર્તન કયાંઇ પાછળ છે. ત્યાં કોઈને ચઢાવવા પુરતું મદદગાર થાય એમ માની શકાતું નથી. છતાં કોઇ પૂર્વપુન્યના યોગે એમ થવું શકય હોય તો યથાયોગ્ય છે. અનંતકાળનો, અનંતભવનો, અનંતપર્યાયનો જ્યારે વિચાર ઉદ્ભવે છે ત્યારે ખરેખર સંસાર કેવળ ભવની ભ્રમણુતા કરાવનાર સિવાય કશું પણુ સુખ દુઃખ આપી શકતો નથી. ભવની ભ્રમણુા મહા દુઃખનું મૂળ છે. દેહ પ્રાપ્ત થયો કે સંસારની માયા, વિચારણુા કરવાની શક્તિ અને શકયતા ઉત્પન્ન થાય છે અને કયા કારણે તેને દૂર કરી શકાય તેનોજ વિચાર માત્ર એજ કર્તવ્ય છે. આપણી અવળી માન્યતા અથવા પુણ્ય કર્તવ્ય તરફની મમતા આપણુને સેવાના ક્ષેત્ર તરફ દોરી જાય છે. ખરેખરૂં તો આ કાળમાં જન્મેલા, આ વાતાવરણુ વચ્ચે ઉછરેલા આપણુને કંઇપણુ કરવાનો અધીકાર નથી. આપણી કઈ લાયકાત ફાટી જાય છે. આપણુા કયા તિર્થંકર મહારાજે સર્વભૌમ સત્તા અગર પદવી આપી છે કે આપણે તેમની આજ્ઞાનુસાર જગત કલ્યાણુનો રાહ સૂચવી શકીએ. હજી આપણે જ જ્યાં અંધારે ગોથા ખાતા હોઇએ ત્યાં બીજાને બહાર કાઢવાની ધૃષ્ટતા શી રીતે કરી શકીએ. આપણે તો દેહ પ્રાપ્ત ન થાય તેવા અને અક્ષરદેહમાં જ્ઞાનપર્યાય રૂપ વળગી રહેલ આત્માને તેનાથી કેમ દૂર ખેંચી શકાય તેની જ વિચારણુા, તેની જ તાળાવેલી અને તેની જ ધ્યાન તલ્લીનતા પાછળ જીવન ખરચવું જોઈએ. (અપૂર્ણ.)

# અર્હંત દર્શન અને ઈશ્વર.

લેખક:-મણીશંકર કાળીદાસ વૈદ્યશાસ્ત્રી. (જામનગર)

( ગતાંક પૃષ્ઠ ૩૮૯ થી અનુસંધાન. )

દ્રવ્ય સંગ્રહકાર આ વિષયમાં વધારે પ્રકાશ પાડે છે.

**निश्चयेना शरीरोऽपि व्यवहारेणं सप्तधातु रहित दिवाकर सहस्त्र भासुर प्ररमौदारिक शरीरीत्वात् शुभ देहस्थः**

તેમના શરીર જ નિશ્ચય નયની અપેક્ષાએ અશરીરી કહેવાશે. અને વ્યવહારની અપેક્ષાએ તેમનો દેહ અત્યંત પવિત્ર, સપ્તધાતુ રહિત-હજારો સૂર્યની કાંતી જેવો ઉજ્જવળ છે. તેમને ભૂખ, તૃષા, ભય, રાગ, દ્વેષ, મોહ, ચિંતા, જરા, રોગ, ખેદ, મૃત્યુ, સ્વેદ, મદ, અરતિ, વિસ્મયન, જન્મ, નિદ્રા, વિષાદ આ દોષ પૈકી કોઈ પણ તેનામાં નથી.

આવા તીર્થંકરો પ્રત્યેક કલ્પે કલ્પે, સત્યધર્મ પ્રકાશવા પ્રકટ થાય છે. અને તેઓ માતાના ગર્ભમાં આવે છે ત્યારે તેમની માતાઓ શુભ સ્વપ્નો જ જુએ છે.

આ તીર્થંકર તેજ અર્હંત દર્શનમાં ઇશ્વર છે. અને તેઓ ગર્ભમાં આવે, જન્મ ધારણ કરે, દિક્ષા ગ્રહણ કરે તથા કેવળજ્ઞાન પ્રાપ્ત સમયે અને મોક્ષ એ પાંચ કલ્યાણક વખતે ઈંદ્રાદિ દેવો તેમનાં વંદન, પૂજન માટે આવે છે. અને મહોત્સવ કરે છે. આ પ્રકારના પાંચ મહોત્સવો વડે પંચ મહાલ્યાણરૂપ પૂજા થવાથી તે જ ઇશ્વર અર્હંત નામથી પણ પ્રસિદ્ધ છે અને જેનું દર્શન તે અર્હંતદર્શન અથવા જૈનદર્શન કહેવાય છે.

તીર્થંકરોમાં અપાયાપગમાતિશય-તીર્થંકરોને કોઈ પણ પ્રકારનો કલેશ મુંઝવી શકતો નથી. જ્ઞાનાતિશય-સંસારની સકલ ક્રિયાને પોતે જાણી શકે છે. પૂજાતિશય-ત્રણ જગતના જીવો, મનુષ્ય, તિર્યંચ અને દેવો તેમને પૂજે છે. વચનાતિશય-તેમનો ઉપદેશ સૌને રૂચે છે. તેમજ સહુ સમજવા ઉપરાંત સૌનું કલ્યાણ કરનારો તેમનો ઉપદેશ છે.

અર્હંતદર્શને માનેલ ઇશ્વરને જન્મથી જ મતિ, શ્રુત અને અવધિજ્ઞાન હોય છે. તેમનાં વિશેષ અતિશયો માટે જૈન ગ્રંથોમાં વર્ણન આપેલ છે, તેમાથી જાણી લેવું. આ પ્રકારે અર્હંત્ દર્શન દ્રષ્ટિએ જેને ઇશ્વર માનવામાં આવ્યા છે તે અરિહંત ભગવાન છે, તેથી **नमो अरिहंताणं** એ પદથી તેમને નમસ્કાર કરાય છે.

તિર્થંકર ભગવાનમાં ત્રણ જ્ઞાન હોય છે. તેમનું શરીર અપૂર્વ કાંતીમય હોય છે. પુષ્પની અંદરથી જેમ સુગંધ પ્રસરે છે તેમ તેમના શરીરમાંથી સુગંધ પ્રસરે છે. તેમનો શ્વાસ એ મધુર સૌરભનું સ્થાન છે. તેમનાં શરીરના રક્ત અને માંસ કેવળ વિશુદ્ધ તેમજ શ્વેત હોય છે. તેમને કેવળજ્ઞાન પામ્યા બાદ

તેમની વાણીમાં એક અપૂર્વ બળ પ્રકટે છે, તેથી તેમની વાણી પ્રત્યે પ્રાણીમાત્ર પ્રેમ ધરાવે છે. આવા પ્રકારની ઉપદેશરૂપ સભા તેને સમવસરણ કહે છે. આવી સભામાં દેવ, માનવ, અને તિર્યંચ સૌ પોતપોતાને સ્થાનકે મલીને બેસે છે. અને ઉપદેશ સાંભળે છે. તેમની વાણી એ માધુર્ય રસ અને અર્થ ગંભીરતાનું પૂર્ણ સ્વરૂપ છે. તેમની ભાષાને પશુ પક્ષી પણ સમજી શકે છે. અરિહંત દિવ્ય ભામંડળથી વિભૂષિત હોય છે. તિર્થંકરભગવાન જ્યાં વિચરે ત્યાં, રોગ, વૈર, *દુર્વિચાર મહામારી, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, દુર્ભિક્ષ, રાજ્ય અત્યાચાર, રહેતા* નથી અને સકળ શાંતિ શાંતિ મૈત્રીભાવ અને આનંદ વર્તે છે. તીર્થંકર ભગવાનના આગળ એક ધર્મચક્ર ચાલે છે. તેમના દૃષ્ટિપાતથી દશેદિશાના પ્રાણીઓ પોતે ભગવાનની પાસે જ બેઠા હોય એમ આનંદ અનુભવે છે. વૃક્ષો તેમને નમન કરે છે. સર્વ દિશામાં (ચોદિશ) દુંદુભી વાજિંત્રનો ધ્વનિ સંભળાય છે. માર્ગે પ્રયાણ કરતાં તેમને કોઇ અંતરાય-બાધા, હરકત કરી શકતી નથી. તેમની આજુબાજુ મૃદુ અને શીતળ પવન વહે છે. પક્ષીઓ તેમના પાસે [આજુબાજુ] પ્રાકૃતિક આનંદ કરે છે. (અપૂર્ણ.)

---

# તિથિઓ બાર કે અગીઆર ?

લેખકઃ-**પન્યાસ કલ્યાણવિજયજી ગણિવર્ય.**

જૈન સમાજમાં પરાપૂર્વના ધોરણે ચાલતી તિથિઓમાં ફેરફાર થતો હોય તો વીસમી સદીના યુગક્ષેત્રમાં વિષ સમાન રાગદ્વેષની વિષમ પ્રણુતીમાં રહેલા આત્માઓ કરે છે. સમભાવના ક્ષેત્રમાં જીવો નીહાળે છે. સં. ૧૯૯૯ ના કારતક માસના કૃષ્ણ પક્ષમાં ચંડાસુ ચંડુ આધારે વદ ચોથ બે તેમજ વદ ૦)) નો ક્ષય દેખાય છે તેજ પંચાંગના મૂળ સિદ્ધાંતનું અવલંબન સ્વીકારી “વીર-શાસનના તા. ૩૦-૧૦-૪૨ના અંકના વધારા તરીકેનું પંચાંગ બ્હાર પડેલ છે તેમાં કારતક વદ ૧૪-૦)) આમ બે તિથિઓ ભેગી લખેલી દેખાય છે. આ બે તિથિઓમાં ક્ષય કઈ માનવી ? ચૌદસ કે અમાવાસ્યા ? બંને તિથીઓમાં ક્ષય કોનો ? આ જ શંકા જીવોને ઉદ્‌ભવશે નહી ? જો ચૌદશનો ક્ષય માનીએ તો પખ્ખી પ્રતિક્રમણ વગેરે ચૌદશનાં કાર્યોનો અભાવ મનાય ને ? જો અમાવાસ્યાનો ક્ષય માનીએ તો બ્રહ્મચર્યના પાળનાર; લીલોતરીના ત્યાગી વગેરે વિગેરે વ્રતોનું પાલણ કરનારાઓનું શું ? આ બધોએ ખ્યાલ કરતાં તીથિના ક્ષયની સાથે વ્રતોનો પણ ક્ષય થાય ને ? આટલો ખ્યાલ પંચાંગો બ્હાર પાડનારઓને આવે તો આવાં પંચાંગો બ્હાર જ કેમ પડી શકે !

બીજી એક વસ્તુ ખ્યાલ આપવા જેવી મને લાગે છે કે-‘સુચના’ આવા શબ્દો લખીને લખી નાંખે છે કે-‘અને ત્યાં સુધી ઉદય તથા સમાપ્તિ બંને લેવાં. નહિતર સમાપ્તિ તો લેવી જ.’ ઉપરની સુચનાથી ખરેખર ભીંત ભૂલાય છે. તપા-

ગચ્છને આશ્રી માર્ગ ચૂકાય છે. તપાગચ્છ તથા બીજા ગચ્છોમાં તિથિ સંબંધી તમારા લખવા પ્રમાણે ફેર નથી ને? બીજા ગચ્છોમાં ઉદય મનાય છે કે અસ્ત? તે ખ્યાલ નહિ આવ્યો હોય? આવવા સંભવ ખરો કે નહિ? બીજા ગચ્છોમાં (ખરતર ગચ્છ વગેરે) પ્રતિક્રમણ સમયમાં જે તિથિ આવે તે તિથિ આખી પ્રમાણભૂત તરીકે મનાય છે ત્યારે તપાગચ્છ ઉદયતિથિ (ગમે તેટલી ઘડી) જે હોય તે પ્રમાણભૂત આખી તિથિ મનાય છે ને? દાખલા તરીકે કારતક વદ ૧૩ રવીવાર (ચંડાશુ ચંડુમાં) ૯ ઘડી ૧૯ પળ છે. તે પશ્ચાત્ ચૌદસ તિથિ (ખરતર) બીજા ગચ્છો માને છે. વદ ૧૪ સોમવાર ૪ ઘડી, ૩૭ પળ છે તો તેઓ ચૌદસને અમાવાસ્યા માને છે. જુઓ એકજ તિથિએ ચૌદશે માને, અને અમાવાસ્યા પણ માને. જ્યારે બીજા ગચ્છવાળાઓ આ ઉપરથી પ્રમાણભૂત પ્રતિક્રમણના સમયમાં જે તીથિ આવે તેજ માની પોતાના કાર્યની સાધના કરે છે ત્યારે આ તો ત્રીજો રસ્તો પકડી પોતાનો કક્કો ખરો કરવા તલપાપડ મહેનત કરી રહેલા છે એ જ અફસોસજનક છે.

આવી રીતે પોતાના આગ્રહને વશ થઇ તપગચ્છની મર્યાદાનું ઉલ્લંઘન કરવાનું પણ ચૂકતા નથી. દુનિયામાં કદાગ્રહના વશવર્ત્તિ આત્મા સંસારના ચક્રમાં પરિભ્રમણ કરે છે અને આવાં અનેક કારણોથી બીજાની સંસારની વૃદ્ધિનાં કારણો બને છે તેમજ બીજાને બનાવવા પ્રયત્ન કરાવાય છે. ઉદય તિથિને માનનાર તપાગચ્છનાજ ધોરણે ચાલતા આત્માઓને વાસ્તે પૂર્વાચાર્યોએ કેવાં નિર્ણયાત્મક વચન ટાંકેલાં છે, તે આ પ્રમાણે છે.

**बीआ पंचमी अट्ठमी, एक्कारसी च चउद्दसी च, तासं खओ पुव्वतिहिओ। अमावासा वी तेरसी ॥१॥**

ભાવાર્થ—બીજ, પાંચમ, આઠમ, અગ્યારસ, ચૌદશ એ પાંચ તીથિનો ક્ષય હોય તો તેની પૂર્વ તીથિનો ક્ષય કરવો જોઇએ. પરંતુ જો અમાવાસ્યાનો ક્ષય હોય તો તેરસનો જ ક્ષય કરવો.

આ ગાથાનું અવલોકન કરતાં તપાગચ્છના અવલંબનને સ્વીકારનારા આપણે અમાવાસ્યાનો ક્ષય માની શકીએ ખરા કે?

ઉમાસ્વાતિ મહારાજથી જૈન ટિપ્પણાં કારણ સંયોગે બંધ થયાં. ત્યાર બાદ આપણા હિતચિંતક આચાર્યોએ તિથિઓની આરાધના વાસ્તે કેટલીએ સંક્ષિપ્ત ગાથાઓ કરી આપણને તિથિઓનું આરાધન કરવાનો સુગમ અને સરળ માર્ગ કરી આપેલ છે છતાં પણ આ યુગના જમાનામાં તપાગચ્છના જ આચાર્યો તપાગચ્છને તિથિઓની આરાધનામાંથી ચ્યૂત કરાવી પર્વ તિથિઓનું *ખંડન કરાવવા કમ્મર કસી ખડે પગે તૈયાર થઈ રહ્યા છે. ક્યાં પૂર્વાચાર્યોની* પ્રણાલીકા! ક્યાં આજના આચાર્યોની પ્રણાલીકા! બંનેના મુકાબલાનો ખ્યાલ આપણા હૃદયને આઘાત કર્યા વગર રહે તેમ નથી!

તપાગચ્છના સાચા અનુયાયીઓ સદાકાળ ઉદયાત તિથિને માને છે જ્યારે

અન્ય (ખરતર વગેરે) ગચ્છોના અનુયાયીઓ અસ્ત તિથિને માને છે પણ તપાગચ્છ પૈકીનો નવીન પંથીઓના અનુયાયીઓ ઉદય અને અસ્ત બન્ને તિથિઓને માનીને તપાગચ્છ સંપ્રદાયમાં વૈમનસ્ય ફેલાવી રહ્યા છે માટે તપાગચ્છના અનુયાયીઓએ બરાબર ખ્યાલ રાખી વિચારશે તો જણાશે કે જે પક્ષ પર્વતિથિનો ક્ષય કરે તે બાકી શું રાખે ? માટે પર્વતિથિના ક્ષયને ક્ષય તરીકે સ્વીકારવો તે તપાગચ્છવાળાઓને માનનીય ન હોઇ શકે, તપાગચ્છવાળાઓ તો ઉદયાત્ તિથિની આજ સુધી આરાધના કરતા આવ્યા છે અને કરશે જ.

# સજોડે સ્વાર્પણ.

## નેમ-રાજુલની જીવનકથા.

[લેખકઃ—બાપુલાલ કાળીદાસ સઘાણી "વીરબાલ"]

(પુ. ૨ અંક ૧૧ ના પૃષ્ઠ ૩૬૭ થી અનુસંધાન)

તીરથી પામવા પક્ષી, વ્યર્થ આ ક્રુરતા મથે,
તીરથી પક્ષી તો ના, ના, કિન્તુ સ્થુળ મળી શકે.
પક્ષીને પામવાને તો, છાનો તું સુણુ ગીતને,
પક્ષી તેના પ્રભુ સાથે, હૈયામાં મળશે તને.
સૌંદર્યો વેડફી દેતાં ના, ના, સુંદરતા મળે
સૌંદર્યો પામતાં પહેલાં, સૌંદર્ય બનવું પડે.
સૌંદર્ય ખેલવું એ તો, પ્રભુનો ઉપયોગ છે,
પોષવું પુજવુ એને, એ એનો ઉપભોગ છે.

શિકારીને ! કલાપી

વર્ષાૠતુને લઇને દ્વારિકામાં સ્થિરતા કરી રહેલું સાધન વૃંદ એકદા ગિરનારની શિખરમાળમાં મુનિ સાધકો સહ વસતા જ્ઞાની નેમ પાસે વંદનાર્થે ગયેલું, નગરમાંથી નીકળ્યાં ત્યારે તો આકાશ નિરભ્રુ હતું, પણ પાછાં વળ્યાં ત્યાં સુરજ દાદાની લાડકડી દિકરી વાદળીઓએ ગેલ કરતાં દાદાની કિરણુ મુછોને ગુંચવવા માંડી, ધીરે ધીરે વાદળીઓ ટોળે વળી દાદાને વચ્ચે રાખી રાસ રમવા લાગી, મેઘ ગર્જનાની તાળી આકાશમાં ગાજવા લાગી, ગરબાના ભડભડાટ બળતા વિદ્યુત દિવડી પૃથ્વી પર પોતાનું અજવાળું પાથરવા લાગ્યા.

સૌથી ઘણેરી પ્રીતિ દાખવતો બપૈયો આભથી વાતો કરતી શિખરમાળોથીયે ઉચ્ચે અદ્ધર ઝુલતાં પિયુ પિયુના વિરહસુર પોકારવા લાગ્યો, મેઘ નાદનું ઈજ્જન કાને પડતાં, આંખે અંધારાં ખડાં કરતી ઉંચીને કાળી મેશ ઉંડી કરાડ કોતરોએ પડછંદા પાડી સામે હોંકારા દેવા માંડ્યા, મેઘરાજાને રજુ કરતો ઠંડો

વાયુ જોરથી પુંકાવા લાગ્યો, વૃક્ષોનાં થડડાળમાં કડેડાટી બોલવા માંડી, પવન ભરાતાં ગુફાઓ ઢોલનાદે ગાજવા લાગી, રાનીહિંસક પશુ પક્ષીઓની ચીસો અને ચિત્કારથી વાતાવરણ ભરાઇ ગયું, પર્વતની પગદંડી અર્ધીક વળોટી ત્યાં મોટે છાંટે શરૂ થઈ વરસાદે જાજરમાન રૂપ લેવા માંડયું, ઘેરી વળેલાં વાદળાએ ઝપ દઇને સ્યામ પછેડી ફંગોળી આકાશને દુધ વરણું ધોવી નાંખ્યું, સાધ્વીઓનાં વસ્રો પલળીને તેમાંથી પગવાટે જમીન ઉપર નાનકડાં ઝરણાં વહેતાં થયાં, જળધારોના એક સરખા છંટકાવે વારંવાર હાથ પસારવા છતાં આંખની કામગીરીને નિષ્ફળ કરી દીધી, દુર દુરથી ધોધમાર ધશી આવતા, ઝોક પ્રમાણે માર્ગ કરતા, વ્હેળાઓએ નગર માર્ગમાં ભ્રમણા પેદા કરી, આભના ગગડાટ, પશુઓના કોળાહળ અને વરસાદના સોરે પરસ્પરના સાદની ઓળખ અને સ્પષ્ટતા અશકય કર્યાં, સાધ્વીઓ છુટી પડી ગઇ, ફાવ્યું તેમ સૌ કોઇ આઘે પાછે ઉભવાનું સ્થાન ખોલવામાં પરોવાઇ ગઇ.

એક સાધ્વી આમ વિખુટી પડતાં આગળ ચાલી રસ્તાની ભ્રમણામાં એક નાનકડી કેડીએ ચડી ગઈ, ઝરણું વહેવરાવતાં કપડાં જલભારે એના શરીરને તોડી રહ્યાં હતાં, કમર ચણીયાને ભારે ખેંચાતી હતી, વળી પગોમાં કપડું ચોંટી જતાં જોરથી પગ ઉપાડાતો ન્હોતો, મુશ્કેલીથી થોડેક જતાં પડખેજ એક ગુફાનું મોં દેખાયું, ત્યાંજ વરસાદનો સમય વિતાવવાનું વિચારી ઝડપથી પ્રવેશ કર્યો, અંદર નજર નાંખી, પણ વિશાળ ગુફાનો ઘેરો અંધકાર કશું દેખાડતો ન્હોતો, નિર્ભય સાધ્વીને દિલમાં ડર ન્હોતો કે જેથી કલ્પનાનો ભય બીવડાવી શકે, કપડાં ઉતારી નીચોવીને, ગુફામાં આડાં અવળાં સુકવી દીધાં, સ્વસ્થ બનીને સૃષ્ટીલીલાના આ રૂપે દૃશ્ય થતા સૌંદર્યને જોતી રહસ્ય મંથનમાં લીન બની લઈ, દુર દુર તરૂ ઘટઓમાંથી જુદેરી જાતનું વ્યક્તિત્વ પાથરતો મોરનો વેદના અને આ રજુ મિશ્ર ઘેરો ગહકાટ સ્પષ્ટ સંભળાતો હતો.

વરસાદ પુરવેગે ચાલુ હતો, ગર્જના કલેજાં થંભાવતી હતી, ત્યાં કટકટકટ કરતોકને એક પ્રચંડ વિદ્યુત ઝબકારો ગુફાના ચારે ખુણા અજવાળી ગયો, સાધ્વીને તો ગુફા તપાસની ખેવના ન્હોતી, પણ આગળથી આવી ગુફાને એક ખુણે ધ્યાન મગ્ન રહેલા એક માનવ આત્માની આંખ આ ઝબકારાથી ચમકી ગઇ, એને આભાસ થયો કે ગુફાના મોં પાસે કોઇ માનવી ઉભું છે, અને તેય વળી નગ્ન, જગ્યા છોડીને એ જરા આગળ આવ્યો, મંદ પ્રકાશમાં ટીકીને જોયું તો એ નગ્ન દેહ સ્રીનો જણાયો, કયે વિચારે એ પહેલાં એક બીજી વિદ્યુતપ્રભા ઝબકી.

માનવીની નોંધાયેલી ચક્ષુએ સ્રીને પીછાણી, ત્યાં એના માનસમાં અને પછી શરીરની નસોમાં પ્રીતિની દબાવેલી ભયાનક ભાવના સજીવન થઇ ગઇ, આગળ વધીને એ સાધ્વીથી ત્રણ ચાર હાથ દુર નગ્ન દેહને જોતો જોતો થંભી ગયો, પાવિત્ર્યોજ્વળ સાધ્વીદેહનું આકર્ષણ વરસાદની આર્દ્ર ઝલકથી ઓર વધ્યું હતું, જોનારાની દ્રષ્ટિ મલપતી ઉંચે ચડી, મંદમંદ નીચે લચરતી નગ્ન દેહનાં

અંગ પ્રત્યંગમાં રાચવા લાગી, ઘેંઘુર બની ગયેલા હૃદયમાં વાસનાએ ફુંફાડો મારી શબ્દો ઓકાવી દીધાઃ—

"રાજુલ ! અહીંઆં—"

"કોણ રથનેમિ ! થોભો, વધારે બોલવા જબાનને થોથરાવો મા ! એ શબ્દોના રણકારમાં ત્હમારૂં દિલ પામી ગઇ છું !" ગુફા બહારના દ્રશ્ય સામે ઉભેલી સાધ્વી માનવ અવાજથી ચમકી ગઇ, મોં ફેરવીને જોયું તો રથનેમિ, જવાબ આપતાં ઝડપથી વાસુકાં કપડાં શરીર ઉપર ચડાવી દીધાં, વિકારી આંખ સામે નગ્ન દેહના નક્કર શબ્દોય નિષ્ફળ છે, એ શું વસ્ત્રપરિધાનનું મૌન વક્તવ્ય હશે ? (અપૂર્ણ)

# જૈન યુવક સંઘોની જરૂર.

લેખકઃ-શાન્તમુર્તિ સદ્દગુણાનુરાગી શ્રી કર્પૂરવિજયજી મહારાજ.

(ગતાંક પૃષ્ઠ ૪૦૨ થી અનુસંધાન)

વિકાર અને પ્રગતિના પાયામાં લક્ષ્ય સાધક કેળવણી તો જોઇએ જ અને એ ઘડતરના પાયામાં કયાં કઇ જાતની ખામીઓ અને નબળાઇઓ છે, તેનો વિચાર આ યુવકસંમેલન કરે અને તેનું નિવારણ કરી શકે.

શ્રીમાન વિજયવલ્લભસૂરિ અને બીજા સેવાભાવી જૈન મુનિઓ અને જૈન ગૃહસ્થોના પ્રયાસથી શ્રી મહાવીર જૈન વિદ્યાલય, વરકાણા શ્રીપાર્શ્વનાથ વિદ્યાલય, જૈન ગુરૂકુળો, બાળાશ્રમો, પાઠશાળાઓ વગેરે જૈન સંસ્થાઓ હસ્તીમાં છે અને ત્યાં યુવકોનું, ભાવી નાગરિકોનું ઘડતર યથાશક્તિ અને યથા સાધન થઈ રહ્યું છે અને છેલ્લા બે વર્ષોથી જેમ ભાવનગર વગેરે સ્થળે છાત્રાલય સંમેલન મળ્યા અને નડિયાદમાં યુવક સંમેલન મળ્યું તેમ જૈનોના યુવાનો અને વિદ્યાર્થીઓમાં સંમેલનોની તક કોઇએ સાધી નથી. તેથી પરિણામ એ આવ્યું છે કે, સમાજની શક્તિઓનો જે થોડો ઘણો પણ વિકાસ થઇ રહ્યો છે તે સંમેલન, સંગઠન અને પરસ્પરના વિચારની આપલેની તક લીધા, સાધ્યા કે મેળવ્યા વિના છુટી છુટી પડેલી શક્તિઓ પ્રવાહ રૂપે મલી જઇ બળવાન બનતી નથી. એટલે મ્હારી ઉમેદ છે કે આ મ્હારા વિચારો વાંચ્યા પછી વિકાસવાન જૈન યુવાનો આ દિશામાં શરૂઆત કરશે અને તેવી શરૂઆત થશે તો મને વિશ્વાસ છે કે તેવા સંમેલનમાં સેવાભાવી જૈન મુનિઓ પોતાની હાજરી, ઉપદેશ, અને એમના પોતાના દરજ્જાને ઉચિત હશે તેવી દરેક સેવા સંમેલનને આપશે. શ્રીમાન્ આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજી જેવા સમર્થ માણસોનો પણ આવા સંમેલનમાં સહકાર સાધી શકાય, એ આશા વધારે પડતી નથી. ભાવના, વિચારો અને આદર્શોની આપલે વિના આજે જૈન યુવાનો અને જૈન સ્થિતિચુસ્ત વર્ગ છેક જ સામસામે આવી ગયા છે. ઉતાવળ અને વધારે પડતી રૂઢિપોષકતાને લઇ એક બીજાનો દ્રષ્ટિબિંદુ સમજવા કે સમજાવવાની સહનશીલતા તો લગભગ

ખોઈ બેઠા છે. અભાવ થઈ ગયો છે. નતીજો એ આવ્યો છે કે, જૈનત્વને બળવાન બનાવવાને બદલે એક બીજા પર આક્ષેપો, પ્રહારો, અને સિદ્ધ ન થાય એવા આરોપો મુકી તેને નિર્બળ અને નિષ્પ્રાણ હોય તેમ પાડોશી, સંપ્રદાય, સમાજ અને રાજકારણ પર અસર કરવામાં આવી છે. આથી બચી જવાનો એક જ ઉપાય એ છે કે, દેશના જૈન યુવાનો એકત્ર થઇ સંગઠન કરે અને પોતાના ત્યાગ, સેવા, આત્મભોગ, અને શાસનરક્ષણના કાર્યોથી સમાજની સહાનુભુતિ, અને શ્રદ્ધા પોતા તરફ આકર્ષે, આમ થવાથી જૈન યુવક સંઘ થોડા જ સમયમાં ભારતવર્ષના તમામ જૈનોના કાર્યભારની લગામ હસ્તગત કરી શકશે અને પછી શું વિદ્યાલયો, તિર્થો, જીર્ણોદ્ધાર, અને એવા દરેકે દરેક કાર્યનો નેતા દેશનો જૈન યુવાન હશે અને જ્યારે નેતૃત્વ કસાયેલી, કેળવાયેલી, અને વિકસેલી ખડતલ યુવાનીને વરશે ત્યારે એ જૈન સંસ્થાઓ, તિર્થો વિગેરેનું ગૌરવ, બળ, અને પ્રાણમાં જે તાકાત, જે ખમીર, જે ઓજસ હશે તેનું અનુકરણ કરવા ભલભલા લલચાશે અને ઇતિહાસના પૌર્વાત્ય કાળનું પુનરાવર્તન થશે એટલે ફરી એકવાર કહીશ કે:—

અય જૈન યુવાનો! તમારૂં સંમેલન ભરો અને તમારી યુવાનીને સંગઠિત કરો.

[મુનિરાજનો આ પુણ્ય પ્રકોપ, આપણે બહુ મોડું થઇ જાય એ પહેલાં કટિબદ્ધ થવુ જોઈએ, હિંદના મોવડીપદેથી ખુશી થઈ આપણે એક અવગણના પાત્ર નજીવી કોમના રૂપમાં ઝડપભેર ફેરવાઇ રહ્યા છીએ, આવા કોઈ ખતરામાં પડી જઇએ એ પહેલાં આપણે ચેતવું જોઈએ, એ માટે મુનિરાજશ્રીએ યુવાનો પ્રત્યે જે આશા બાંધી છે. તે અસ્થાને નથી એ આપણે સાબીત કરી બતાવવું જોઇએ.] સંપાદક

## —: પ્રથમ કર્મગ્રન્થ પદ્યાનુવાદ સહિત. :—

મૂલ કર્તા:-બૃહત્ તપાગચ્છ નાયક **શ્રીમદ્ દેવેન્દ્રસૂરિ** મહારાજ.

પદ્યમય અનુવાદ કર્તાઃ-મુનિશ્રી **દક્ષવિજયજી** મહારાજ.

(ગતાંક પૃષ્ઠ ૩૯૪ થી અનુસંધાન)

**मूल—** **जिअ-अजिअ-पुण्ण-पावा-ऽऽसव-संवर-बंध-मुक्ख-निज्जरणा।**
**जेणं सद्दहइ तयं, सम्मं खइगाइ-बहुभेअं ॥१५॥**

[સમકિતનું સ્વરૂપ]

જીવ અજીવ પુણ્ય પાપ આશ્રવ, ને જ સંવર નિર્જરા,
બંધ ને વળી મોક્ષ એ નવ, તત્ત્વ ને ત્રિવિધે ખરા;
સદ્દહે જેના વડે જીવ, જાણુ તે **સમકિત** છે,
ને તેહના ભેદો ઘણા, ક્ષાયિક આદિ મનાય છે. (૧૫)

**मूल—** **मीसा न राग-दोसो, जिणधम्मे अंतमुहु जहा अन्ने।**
**नालिअर-दीव-मणुणो, मिच्छं जिण-धम्म-वीवरीअं ॥१६॥**

[મિશ્રમોહનીય ને મિથ્યાત્વમોહનીયનું સ્વરૂપ]

અંતર્મુહૂર્ત જ કાળવાળા, **મિશ્રમોહની** કર્મના,
ઉદયે કરી જિનધર્મમાંહિ, રાગ દ્વેષ જ થાય ના;
અન્નમાંહિ જેમ નાલિકેર, દ્વીપ, મનુષ્યને,
**મિથ્યાત્વ** તે જિનધર્મથી, વિપરીત બુદ્ધિ માનને, (૧૬)

मूल- **सोलस-कसाय नव नो-कसाय दुविहं चरित्तमोहणीयं ।**
**अण-अप्पच्चक्खाणा, पच्चक्खाणा य संजलणा ॥१७॥**

[ચારિત્રમોહનીયના ભેદો ને પ્રભેદો]

કષાય ને વળી નોકષાયે, દ્વિવિધ **ચારિત્રમોહની,**
કષાય મોહની સોલ વિધ, નવ નોકષાય જ મોહની;
અનન્તાનુબન્ધી ને, અપ્રત્યાખ્યાની પ્રત્યાખ્યાની ને,
સંજ્વલન એહ કષાય ચારે, ચાર ભેદે જાણને. (૧૭)

मूल- **जाजीव-वरिस-चउमा-स-पक्खगा निरय-तिरिय-नर-अमरा ।**
**सम्मा-ऽणु-सव्वविरई,-अहक्खाय-चरित्त-घायकरा ॥१८॥**

[અનન્તાનુબન્ધિ આદિ ચાર કષાયની સ્થિતિ, ગતિ અને ઘાતકતા]

**અનન્તાનુબન્ધી** બોધિ ઘાતક, જીંદગી સુધી રહે,
ને તેહના ઉદયે મરે જે, તે ગતિ નારક લહે;
દેશવિરતિ-ઘાતકારી, વર્ષ સુધી જે રહે,
તે **અપ્રત્યાખ્યાની** જે, તિર્યંચની ગતિને વહે. (૧૮)

मूल- **जलरेणु-पुढवि-पव्वय,-राईसरिसो चउव्विहो कोहो ।**
**तिणिसलया-कट्ठ-ट्ठिअ,-सेल-त्थंभोवमो माणो ॥१९॥**
**माया-ऽवलेहि-गोमु,-त्ति-मिंढसिंग-घणवंसिमूल-समा ।**
**लोहो हलिद्द-खंजण,-कद्दम-किमिराग-सामाणो ॥२०॥[सारिच्छो ॥]**

સર્વવિરતિ-ઘાતિ મહિના ચાર સુધી જે રહે,
તેહ **પ્રત્યાખ્યાની** જેથી, જીવ નરક ગતિને લહે;
યથાખ્યાત ચારિત્ર ઘાતિ જે, પખવાડીયા સુધી રહે,
**સંજ્વલન** તેહ કષાય જેથી, જીવ સુરગતિને વહે. (૧૯)

[દૃષ્ટાન્ત પૂર્વક ચાર ચાર પ્રકારના ક્રોધ, માન, માયા ને લોભનું સ્વરૂપ]

જલ રેતી પૃથિવી તેમ પર્વત,-કેરી રેખા ના સમો,
ક્રમથી ચઉવિહ **ક્રોધ** ને, નેતર તણી સોટી સમો;
**માન** લક્કડ હાડ ને, પાષાણ થંભ સમો અને,
વાંસ કેરી છોલ ને, ગોમૂત્રિકા અજશ્રૃંગ ને. (૨૦)
ઘન-વંશ-મૂળ-સમાન **માયા,** જાણને હળદર અને,
કાજળ મળી ને કિરમજીના, રંગ સરખા **લોભને;**

(અપૂર્ણ.)

# ચાતુર્માસ-પરિવર્તન

કર્તિક સુદિ પૂર્ણીમાના મંગળ પ્રભાતના બીજા ચોઘડીઆના પ્રારંભે શેઠ ચુનીલાલ ખુશાલદાસના ઘુસા પારેખની પોળના મકાને તેઓશ્રીના આમંત્રણથી આચાર્યશ્રી વિજયહર્ષસૂરિજી મ. આદિ ઠાણા સાત ડેહલાના ઉપાશ્રયેથી ઉપાધ્યાય શ્રી દયાવિજયજી મ, પં. સંપદ્‌વિજયજી મ. આદિઠાણા સાત વીરના ઉપાશ્રયેથી, પન્યાસજી શ્રી દાનવિજયજી મ, પં. શ્રી મુક્તિવિજયજી મ, પં. શ્રી કલ્યાણવિજયજી મ. આદિ ઠાણા અઢાર અને પં. શ્રી ઉદયવિજયજી આદિ ઠાણા ત્રણ મળી એકંદર પાંત્રીસ મૂનિવર્યો ઘણા જ માનવ સમૂહ સાથેના આંડબરિક સામૈયાથી ચાતુર્માસ પરિવર્તન કરવા પધાર્યા હતા. શેઠ ભગુભાઇના મકાન અને સરિયામને સુશોભિત રીતે છોડ અને ધ્વજપતાકાઓથી સણગારવામાં આવ્યા હતા, આચાર્યશ્રીએ મંગળાચરણ શરૂ કર્યું તે સમયે ઘર અને સરિયામ જનતાથી ઉભરાઇ રહ્યો હતો. સામૈયામાં લવારની પોળના, ડેહલાના, વીરના, અને સામળાની પોળના ઉપાશ્રયના ઘણા આગેવાનોની હાજરી દેખાતી હતી. વ્યાખ્યાનની સમાપ્તિના અંતે પ્રભાવના શેઠ શ્રી તરફથી રાખવામાં આવી હતી.

મુનિવર્યોની પધરામણીના ઉત્સવ તરીકે શેઠશ્રી તરફથી પૂર્ણીમાથી જ અષ્ટાહ્નિકા મ્હોત્સવનો પ્રારંભ કરાવી, દરરોજ પોતાના મકાનમાં પાટણવાળા ચીમનલાલ આદિ ગવૈયાઓ જુદા જુદા પ્રકારની રાગરાગણીઓથી પૂજાઓ ભણાવવા સાથે ઘુસાપારેખની પોળના જિનાલયે પરમાત્માઓને આકર્ષક રચનાઓ કરાવવામાં આવવા ઉપરાંત પૂજાઓમાં પ્રભાવનાઓ પણ કરવામાં આવતી હતી.

કાર્તિક સુદિ ૧૫ થી વદિ ૨ સુધી શેઠશ્રીના મકાનમાં જ આચાર્યશ્રી વ્યાખ્યાન વાંચતા હતા; જેનો પણ માનવ સમૂહ ઘણાજ સારા પ્રમાણમાં લાભ લેતા હતા. તેમ જ દરરોજ વ્યાખ્યાનમાં પણ શેઠશ્રી તરવથી પ્રભાવના કરવામાં આવતી હતી.

મુનિવર્યો પોતપોતાના ઉપાશ્રયે વદિ ૩ નાં શેઠશ્રીનો આગ્રહ હોવા છતાં પણ પધારી ગયા હતા.

---

મુદ્રકઃ-હીરાલાલ દેવચંદ શાહ. "શારદા મુદ્રણાલય." જુમામસ્જીદ સામે-અમદાવાદ
પ્રકાશકઃ-ભોગીલાલ સાંકળચંદ શેઠ. "જૈનધર્મ વિકાસ" ઓફિસ જૈનાચાર્યશ્રી વિજયનીતિસૂરીશ્વરજી વાંચનાલય. ૫૬/૧ ગાંધીરોડ-અમદાવાદ.

# ગણિપદ અને વ્રત પ્રદાન મહોત્સવ

કાર્તિક વદિ ૩ ના મંગળ પ્રભાતે સાડાનવના સમયે શેઠ ચુનીલાલ ખુશાલચંદ તરફથી લવારની પોળના ઉપાશ્રયે ગણિપદ અને વ્રતો આપવા માટે ચાંદીની નાણુ મંડાવી આચાર્યશ્રી વિજયહર્ષસૂરિજી મહારાજ હસ્તે નંદિની ક્રિયા કરાવવામાં આવી હતી, ઉપાશ્રય અને સરિયામને છોડ તથા વિજયધ્વજોથી સુશોભિત રીતે શણુગારવામાં આવ્યા હતાં.

આ મહોત્સવમાં મુનિશ્રી વિદ્યાવિજયજી મ. અને મુનિશ્રી પ્રમોદવિજયજી મ. ને ગણિપદ; શેઠ ભગુભાઈ અને ત્રણ બ્હેનોને બાર વ્રત, ચાર પુરૂષો અને એક બ્હેનને ચતુર્થ વ્રત અને ચૌદ કુમારિકા તથા બ્હેનોને જુદા જુદા તપોની આરાધના કરવાના વ્રતો આચાર્યશ્રીએ સકળ ચતુર્વિધ સંઘની હાજરી વચ્ચે આપ્યા હતાં. નંદિની ક્રિયાની સમાપ્તિના અંતે આચાર્યશ્રીએ પોતાના બુલંદ અવાજથી વ્રતોના પાલન સબંધિ અસરકારક વ્યાખ્યાન સભાજનો અને વ્રતોના આરાધક સમક્ષ આપ્યા બાદ આચાર્યશ્રીએ પ્રથમ વાસક્ષેપ ક્રિયા કરનારાઓના શીર ઉપર નાખવાનો પ્રારંભ કર્યા બાદ ચતુર્વિધ સંઘે વાસક્ષેપ મીશ્રીત તાંદુલની વૃષ્ટી કરી મૂકી હતી. અને સમાપ્તિના અંતે શેઠ ભગુભાઈ તરફથી શ્રીફળની અને બીજા ક્રિયા કરનારા તરફથી પતાસાની પ્રભાવના કરવામાં આવી હતી.

---

# વર્તમાન-સમાચાર.

**સામળાની પોળનો ઉપાશ્રય** કાર્તિક વદિ ૩ ના મંગળ પ્રભાતના બીજા ચોઘડીઆના પ્રારંભ સમયે શેઠ વીરચંદ મોકમચંદના તરફથી નાણુ મંડાવી હતી.

પન્યાસજી શ્રી ઉદયવિજયજી મ. ના સુભ હસ્તે શેઠ વીરચંદભાઈ આદિ શ્રાવક શ્રાવીકા વૃંદોને વ્રતો ઉચરાવવાની ક્રિયા કરાવી હતી. આ મહોત્સવમાં એક શ્રાવકે બાર વ્રત, શેઠ વીરચંદભાઈ અને મંગળદાસે સજોડે અને બે બ્હેનો-મળી છ જણાએ ચતુર્થ વ્રત અને બે પુરૂષ તથા પંદર બ્હેનોએ જુદા જુદા પ્રકારના તપની આરાધના કરવાના વ્રતો લીધા હતાં. વ્રતોની ક્રિયાની સમાપ્તિના અંતે પન્યાસજી મહારાજે વાસક્ષેપ નાખવાનો પ્રારંભ કર્યા બાદ ચતુર્વિધ સંઘે વાસક્ષેપ મીશ્રીત તાંદુલનો વરસાદ વરસાવ્યો હતો, અને સમાપ્તિના અંતે પ્રભાવના રાખવામાં આવી હતી.

**નરોડા.** વીરના ઉપાશ્રયેથી મુનિશ્રી ચરણવિજયજી અને મુનિશ્રી ચંપકવિજયજી આદિએ નરોડા જઈ કડીના હિમતલાલ નામના બત્રીસ વર્ષના ભર યુવાન શ્રાવકને પ્રતિબોધિ મંગળ મૂહુર્તે ભાગવતી દીક્ષા આપી નવ દીક્ષીતનું નામ શ્રી હિમાંશુવિજય પાડવામાં આવેલ છે.

---

## કાર્તિક વદિ ચતુર્દશી કયારે કરશો ?

તપાગચ્છની આચરણા અને ચાલતી આવતી પરંપરા પ્રમાણે અને સિદ્ધાંતના ફરમાન મુજબ પર્વતિથિઓ દરેક માસમાં બાર આરાધનાની કહેલી છે. તેથી વધતી કે ઓછી કહેલી નથી. માટે ચાલુ સાલના કાર્તિક વદિ ૧૪ તા. ૬-૧૨-૪૨ ને રવિવારના ચતુર્વિધ સંઘે આરાધન કરવી, અને તેજ દિને પાક્ષિક પ્રતિક્રમણ કરવું.

**આચાર્યશ્રી હર્ષસૂરિજી ડેહલાનો ઉપાશ્રય.**

## બ....હા....ર....ના ગ્રા....હ....કો....ને વિ....ન....વ....ણી.

અમારા કદરદાન ગ્રાહકોનું પોસ્ટ ખર્ચ બચાવવા ખાતર આ વખતે સં. ૧૯૯૮ અને સં. ૧૯૯૯, એ બન્ને સાલના લવાજમનું ભેગું રૂા. ૬-૮-૦ (ભેટના નીચે બતાવેલ ક્રાઉન સોલ પેજી ૮૦૦ થી વધુ પાનાના અને કસાયેલી કલમથી લખાયેલા આઠ પુસ્તકોના પોસ્ટેજ ખર્ચ સાથે) નું વી. પી. પોષ માસમાં મોકલવા શરૂ કરીશું, માટે જેમની ગ્રાહક રહેવાની ઈચ્છા ન હોય તેમણે તે સમય પહેલા અમોને ખબર મોકલી આપવા, યા મનીઓર્ડરથી બન્ને સાલનું લવાજમ મોકલી આપવા વ્યવસ્થા કરવી.

૧ તીર્થોદ્ધારક સદ્ગત આચાર્યદેવ શ્રીમદ વિજયનીતિસૂરીશ્વરજી મહારાજનું (સચિત્ર. પાકુ પુંઠું અને આકર્ષક જેકેટ સાથે પૃષ્ઠ ૨૫૦) જીવન ચરિત્ર. ૨ **મૂર્તિ મિમાંસા યાને પ્રમોદ પ્રશ્નોત્તરી.** (પૃષ્ઠ ૨૦૦) ૩ સપ્તતિ શતસ્થાન (પૃષ્ઠ ૧૧૨) ૪ વાકય પ્રકાશ (પૃષ્ઠ ૭૨) ૫ પ્રાકૃત પ્રકાશ (પૃષ્ઠ ૫૨) ૬ શ્રી સઝાય સંગ્રહ (પૃષ્ઠ ૭૪) ૭ શ્રીમદ અજીતસાગરસૂરિનો ૧૨ મો સ્વર્ગારોહણ મહોત્સવ (પૃષ્ઠ ૧૮) ૮ ચોવીસ જીન કલ્યાણક ચૈત્યવંદન (પૃષ્ઠ ૧૪).

## વા...ચ....ક....ગ....ણ...ને...વિ...જ્ઞ...પ્તિ.

પરમપૂજ્ય સદ્ગત તીર્થોદ્ધારક જૈનાચાર્ય શ્રીમદ **વિજયનીતિસૂરીશ્વરજી** મહારાજના સ્વર્ગવાસનું વર્ષ પોસ વદિ ૩ ના પૂર્ણ થતું હોવાથી તે અંગે જયંતિ અંક કાઢવાની અમોએ ગતાંકમાં સૂચના આપેલ, પરંતુ અંકને શોભાવો શકાય તેવા કાગળો અને આર્ટ પેપર મલતા ન હોવાથી અમારી આ ભાવના નિરૂપાયે મોકુફ રાખવામાં આવી છે.

## ગ્રા...હ...કો....ને...વિ...ન...વ..ણી.

કેટલાક અગત્યના કાર્યની રોકાણના અંગે કદાચ આવતો અંક બહાર પાડી શકીશુ નહિ તો બીજો અને ત્રીજો અંક એકત્ર અમો અમારા ગ્રાહકોને ચરણે ધરીશું. માટે બીજા અંકની ઢીલના અંગે કોઇપણ ગ્રાહકોએ પત્રવ્યવહાર કરવાની તસ્દી લેવી નહિ.

તંત્રી.

ટાઈટલ છાપનાર : શ્રી શારદા મુદ્રણાલય, પાનકોર નાકા. જુમામસીદ સામે-અમદાવાદ.